બ્રહ્મસમ્બન્ધ

(બ્રહ્મસમ્બન્ધ અંગેના કેટલાક પ્રશ્નો અને એના ઉત્તરો)

–ઃ લેખક ઃ–

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી
(વડોદરા)

—ઃ પ્રકાશક ઃ—
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ– વડોદરા.

॥ श्रीमद्वल्लभविट्ठलेशौ विजयेते ॥

લેખકની લેખનીથી બે શબ્દ

લેખક ઃ ગો.શ્રીચન્દ્રગોપાલજી–વડોદરા.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણોની અસીમ અનુકમ્પાથી **‘બ્રહ્મસમ્બન્ધ’** નામાભિધાનવળી (ગુજરાતીમાં અનુવાદવાળી) પ્રકાશિત થવા જઇ રહી છે તે ખૂબ જ પ્રસન્નતાનો વિષય છે. આ લેખન પૂર્વમાં શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ‘આચાર્યશ્રીવલ્લભ’ હિન્દી માસિકપત્રના પ્રથમ વર્ષમાં (ઈ.સ.૧૯૮૬-૮૭ વર્ષમાં) ક્રમશઃ કરીને પ્રકાશિત થઇ ચૂક્યું છે અને તેનું પુસ્તિકાકારે હિન્દીમાં પ્રકાશન ઈ.સ.૧૯૯૪ માં ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું એમાં જ થોડા ઘણા સુધારા-વધારા સાથે એનો જ ગુજરાતીમાં અનુવાદ આ પુસ્તિકાકારે પ્રકટ થઇ રહ્યો છે.

આ લેખનમાં બ્રહ્મસમ્બન્ધમંત્રની વિવેચના વગેરે વિષયોની ચર્ચા નહીં કરીને બ્રહ્મસમ્બન્ધદીક્ષા શા માટે લેવી ? બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવાથી શો લાભ ? એક ગુરુથી જ પતિ-પત્ની બન્ને બ્રહ્મસમ્બન્ધ લઇ શકે કે નહીં ? આવા આનુષંગિક કુલ છ પ્રશ્નોને લઇને આમાં વિચાર કરવામાં આવ્યો છે. યદ્યપિ આ લેખન કુલ સાત પ્રશ્નોને લઇને લખવામાં આવ્યું હતું, કિન્તુ કેટલાંક કારણોને લઇ સાતમા પ્રશ્નનો વિચાર આમાં શામિલ કરવામાં નથી આવ્યો. વિવાદાસ્પદ વાતોને આ સુન્દર લેખનમાં નહીં સમાવવું જોઇએ એમ પૂ.શ્રીદાદાભાઇની (અમારા જ્યેષ્ઠ બન્ધુ પ.ગો.શ્રીમથુરેશ્વરજીની) સલાહથી લગભગ ૨૫ પૃષ્ઠમાં લખાયેલ એ વિષય આમાંથી દૂર કરવામાં આવ્યો છે.

મને આશા છે કે આ પુસ્તિકાથી વૈષ્ણવ સમાજ અવશ્યમેવ

લાભાન્વિત થશે. તેમ છતાં પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવાની કેવા લોકોએ ઈચ્છા કરવી જોઈએ, બ્રહ્મસમ્બન્ધ દીક્ષા માટેની શી યોગ્યતા હોવી જરૂરી છે, બ્રહ્મસમ્બન્ધ દીક્ષા કેવા લોકોને આપવી જોઈએ, બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા પછીથી કયું કર્તવ્ય આવશ્યક રહે છે વગેરે બાબતો ઉપર પણ હું મારા વિચાર પ્રસ્તુત કરવા માંગુ છું કે જે પ્રભુકૃપાએ ફરી ક્યારેક એની ચર્ચા કરીશું.

આ પુસ્તિકાના પ્રકાશનમાં વડોદરાના શ્રીરતિભાઈ શાહે, એમણે દ્રવ્યસહાય કરીને શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોના પ્રચારના કાર્યમાં પોતાના રસ-રુચિ પ્રકટ કર્યા તદર્થ તેમને મારા તરફથી અનેક-અનેક અભિનન્દનો. શ્રીરતિભાઈ વડોદરા ખાતે અમારી પ્રચારની સર્વ પ્રવૃત્તિઓમાં હમેશાં આગળ રહીને પ્રવૃત્ત રહે છે તથા તેઓ શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોને યથાવત્ સમજવા સદૈવ પ્રવૃત્ત રહે છે. તેઓ આગળ પણ આ જ પ્રકારે સિદ્ધાન્ત-પ્રચાર સેવામાં તત્પર બન્યા રહે તેવી શ્રીપ્રભુના શ્રીચરણોમાં અભ્યર્થના.

વિ.સં.૨૦૬૬
શ્રાવણ કૃષ્ણ-૧૨, (અજાએકાદશી) **ગોસ્વામી ચન્દ્રગોપાલ**
રવિવાર **વડોદરા.**
તા.૫-૯-૨૦10
વડોદરા.

॥ श्रीमद्वल्लभविट्ठलेशौ विजयेते ॥

બ્રહ્મસમ્બન્ધ

(બ્રહ્મસમ્બન્ધ અંગેના કેટલાક પ્રશ્નો અને એનાં ઉત્તરો)

લેખક : ગો.શ્રીચન્દ્રગોપાલજી-વડોદરા.

यस्याङ्घ्रिरेणूनोद्दीप्तो भावो भक्त्यात्मको महान् ।
शैलं हरिप्रियं नौमि प्रसन्नोऽस्तु सदा मयि ॥

कृष्णप्रियां सदानन्दां कृष्णभक्तिप्रदायिनीम् ।
नमामि कृष्णरूपां त्वां कृष्णसङ्गमकारिणीम् ॥

અનન્ત કાલથી પ્રભુથી વિલગ થયેલા દૈવી જીવો શ્રીકૃષ્ણને વિસ્મૃત કરી ચૂકેલા છે, તેમને પુનઃ પોતાના સ્વરૂપના જ્ઞાનપૂર્વક ભગવાનના સ્વરૂપનું સ્મરણ કરાવવા માટે તથા અવિદ્યાજન્ય સાંસારિક મોહ વગેરેથી દૂર થઈ પ્રેષ્ઠ પ્રભુનાં શ્રીચરણોમાં એમનો અનન્ય અનુરાગ પ્રસ્થાપિત થાય તે અર્થે આત્મસમર્પણાત્મિકા શરણાગતિની સાથે એમને ફલરૂપ પ્રભુની સેવાનો અધિકાર પ્રદાન કરવો બ્રહ્મસમ્બન્ધની ચરિતાર્થતા છે.

દુર્ભાગ્યવશ કલિના વિષમય પ્રવાહમાં વહી રહેલા, ભગવત્ સ્વરૂપાત્મક ફલથી વિમુખ સંસારપ્રવાહને પ્રાપ્ત થયેલા એવા દૈવી જીવોની દયનીય દુર્દશા જોઈને જ્યારે શ્રીઆચાર્યચરણને દૈવી જીવોના સમુદ્ધાર વિષયક અત્યન્ત ચિન્તા થઈ, ત્યારે સ્વસેવાર્થ સ્વસુખાર્થ (ભગવદર્થ) માત્ર જેમનો પ્રાદુર્ભાવ થયો છે એવા દૈવી જીવોને સાંસારિક પ્રવાહમાંથી ઉદ્ધૃત કરી પુનઃ તેમને ભગવલ્લીલાન્તઃપાતિ કરાવવા માટે, પરમ ફલરૂપ રસાત્મક ભગવાન શ્રીકૃષ્ણની

રસાત્મિકા ભક્તિરૂપા સેવામાં ભક્તોના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ સહિત આત્માને નિમગ્ન કરાવવાના સ્વરૂપવાળું જે નિજફલ છે તેની દૈવીજીવોની પ્રાપ્તિ કરાવવા માટે, **‘रसो वै सः’** (એમના હાથ, પગ, મુખ, ઉદર ઈત્યાદિ બધું જ માત્ર આનન્દ સ્વરૂપ જ છે) પ્રકારે શાસ્ત્ર જેમના સ્વરૂપનું નિરૂપણ કરે છે, તેમજ જે દશવિધ લીલાના (સર્ગ-વિસર્ગ-સ્થાન-પોષણ-ઊતિ-મન્વન્તર-ઈશાનુકથા-નિરોધ-મુક્તિ-આશ્રય)ના કર્તા છે. જેઓ વેદ, ગીતા, વ્યાસસૂત્ર અને ભાગવતના સારરૂપ છે અને શ્રીવલ્લભાચાર્યચરણના હૃદયરૂપ શેષમાં ઉત્કૃષ્ટલીલાત્મક અતિગૂઢ ભાવો વડે સદૈવ સેવ્ય રસાત્મક પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ શ્રીનાથજી શ્રીગોવર્ધનધર શ્રાવણ માસની શુકલા એકાદશીની મધ્યરાત્રીના સમયે સ્વયમ્ જ પરમ કૃપાધર્મપૂર્વક શ્રીઆચાર્યશ્રીના સમ્મુખ પ્રકટ થયા અને પોતાના મુખપદ્મથી વિનિઃસૃત ગદ્યમંત્ર (સ્વયં શ્રીપ્રભુના મુખ કમલથી નીકળેલ, પ્રભુ દ્વારા ઉચ્ચારિત એવો ગદ્યમંત્ર) શ્રીઆચાર્યશ્રીને પ્રદાન કર્યો અને આ મંત્રના પ્રદાનની સાથે પ્રભુએ આજ્ઞા કરી કે આ મંત્રની દીક્ષા દ્વારા આપ જે દૈવીજીવને અંગીકૃત કરાવશો તેઓ સદૈવ મારા મહદનુગ્રહના પાત્ર બનશે. તેથી જ શ્રીઆચાર્યચરણ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે -

श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥

જે પ્રકારે શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ પ્રસંગમાં ભાગવત દશમ સ્કન્ધ જન્મ પ્રકરણના ત્રીજા અધ્યાયના આરંભમાં **‘अथ सर्वगुणोपेतः कालः परमशोभनः’** વગેરે શબ્દોમાં અલૌકિક લીલારૂપ કાલનું નિરૂપણ કરાયું છે તે જ પ્રકારે અહીં પણ અલૌકિક કાલનું નિરૂપણ કરવાના હેતુથી **‘श्रावणस्यामले पक्षे’** વગેરે વાક્યોથી ભગવત્ પ્રાદુર્ભાવ સમ્બન્ધમાં કાલનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પ્રકારે બ્રહ્મસમ્બન્ધમંત્ર **‘સર્વ પ્રકારના લૌકિક હેતુઓથી ભિન્ન અને માત્ર અલૌકિક વ્યૂહરહિત આનન્દમય પુરુષોત્તમની સેવાના અધિકાર પ્રદાનરૂપ હેતુથી યુક્ત છે’** એમ અર્થ ફલિત થાય છે. જે પ્રકારે વૈદિક માર્ગમાં ગાયત્રીમંત્રના ઉપદેશ દ્વારા વૈદિક કર્મ કરવાનો અધિકાર સમ્પાદન થાય છે, તે જ પ્રકારે શુદ્ધપુષ્ટિભક્તિમાર્ગમાં આ ગદ્યમંત્ર દ્વારા ભગવત્સેવાનો અધિકાર સમ્પ્રાપ્ત થાય છે. સાથે જ એ પણ જણાવી દેવું આવશ્યક રહેશે કે આ બ્રહ્મસમ્બન્ધ મંત્ર કોઈ પણ પ્રકારે વેદબીજરૂપ ગાયત્રીમંત્રથી ન્યૂન નથી જ. આ બાબતની સ્પષ્ટતા માટે **‘साक्षाद्भगवता प्रोक्तम्’** (સાક્ષાત્ ભગવાન દ્વારા કહેવાયેલ) આ પદ પ્રયોજિત છે.

હવે આપણે અહીં બ્રહ્મસમ્બન્ધ વિષયના કેટલાક પ્રશ્નો પર વિચાર પ્રસ્તુત કરીએ છીએ જે આ પ્રકારે છે -

(૧) બ્રહ્મસમ્બન્ધ એટલે શું ?

(૨) બ્રહ્મસમ્બન્ધની આવશ્યકતા શી ?

(૩) શું બ્રહ્મસમ્બન્ધ લેનારને જ ભગવત્ પ્રાપ્તિ શક્ય છે ?

(૪) બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેનારને શું નિશ્ચિત જ ભગવત્ પ્રાપ્તિ થાય છે ?

(૫) બ્રહ્મસમ્બન્ધમંત્ર વેદતુલ્ય હોઈને પણ શું કારણ છે કે સ્ત્રીઓને વેદમાં અનધિકાર હોઈને પણ આ મંત્રની દીક્ષા લેવાનો અધિકાર સ્ત્રીઓને પણ આપવામાં આવ્યો છે ?

(૬) પતિ-પત્ની બન્ને એક ગુરુથી જ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા ગ્રહણ કરી શકે છે ?

ઉપર્યુક્ત પ્રશ્નો પૈકી અહીં પ્રથમ પ્રશ્નને વિચારવામાં આવે છે.

પ્રશ્ન –૧ : બ્રહ્મસમ્બન્ધ એટલે શું ?

જીવનો બ્રહ્મ સાથેનો સમ્બન્ધ થવો એ બ્રહ્મસંબન્ધ છે. આ સંબન્ધ આરંભની સ્થિતિમાં સંસ્કારરૂપ છે. જેમ અમેરિકા જવાની ઈચ્છાવાળા વ્યક્તિ

માટે અમેરિકન સરકાર માન્ય વિઝા મેળવવો જરૂરી છે. તે પછી જ ભારતીય નાગરિક ભારતથી અમેરિકા જઈ અમેરિકન સરકારે નિયત કરેલા સમય માટે અમેરિકામાં રહી શકે છે અને અમેરિકામાં હરી-ફરી શકે છે. તેમાં વિઝા એટલે ભારતીય નાગિરક માટેનો સામયિક અમેરિકા રહેવા-ફરવા માટેનો સમ્મતિ રૂપ સ્વીકાર છે. આ વિઝારૂપ સંસ્કાર થયા વિના તે અમેરિકાની ભૂમિ ઉપર પગ મૂકવા અયોગ્ય હોય છે. તેવી જ રીતે બ્રહ્મસંબન્ધ દીક્ષારૂપ સંસ્કાર વડે પોતાની સેવા માટે જીવનો ભગવાન વડે અંગીકાર થતાં પછી તે જીવ ભગવાનની સેવા કરવા યોગ્ય બને છે. જેમ વિઝા દ્વારા અમેરિકન સરકાર સ્વીકાર કરે છે કે આ વ્યક્તિ જે પણ છે અને તેની તમામ હકીકત અમારી આગળ રજૂ કરી છે તે અનુસાર તે જેવો પણ છે અમારા દેશની ભૂમિ ઉપર પગ મૂકી શકે છે, તેમ આ જીવ જે પણ છે અને જેવો પણ છે તેનો હું અંગીકાર કરું છું, તે મારી સેવા કરી શકે છે અને તે સેવામાં મને પત્ર-પુષ્પ-ફલ-જલ-અન્ન-વસ્ત્ર-આભૂષણ વગેરે જે પણ સમર્પશે તેનો હું સ્વીકાર-ઉપભોગ કરીશ એમ ભગવાન વડે સ્વીકાર કરાતાં જીવ ભગવાનની સેવાનો અધિકારી બને છે. જેમ વિઝા માટે ભારત સ્થિત અમેરિકન રાજદૂતને અરજી કરવાની હોય છે તેમજ અમેરિકન સરકાર વતી તે ઓફિસર જ સંમતિ આપે છે, કારણ કે તે અમેરિકન સરકાર દ્વારા આ કાર્ય માટે અધિકૃત છે, તેવી જ રીતે પુષ્ટિભક્તિમાર્ગીયા સેવા માટે ભગવાનના પ્રતિનિધિ રૂપમાં આપણા માટે શ્રીવલ્લભાચાર્યજી જેવા ગુરુથી ઈતર બીજો કોણ હોઈ શકે છે, કારણ કે શ્રીવલ્લભાચાર્યજીને દૈવી જીવોના ઉદ્ધાર માટેની આજ્ઞા ભગવાને જ આપી હોવાથી તેમજ આ ગદ્યમંત્ર વડે આપ જે જીવનો અંગીકાર કરાવશો તેના વડે કરાયેલી સેવાને હું સ્વીકારીશ એમ વચન શ્રીકૃષ્ણે શ્રીવલ્લભાચાર્યજીને આપેલું છે, તેથી શ્રીવલ્લભાચાર્યજીના ગુરુપણામાં ભગવાને કહેલા ગદ્યમંત્ર વડે કરાયેલું આત્મનિવેદન એ ભજનાધિકાર યા સેવાધિકારરૂપ સંસ્કાર છે.

જેમ વિઝા આપવા બાબતમાં અરજી પત્રમાં અરજદારે પોતાની બધી જ વીઝા માટે અપેક્ષિત વિગતો સાચી-સાચી લખવી જરૂરી હોય છે, તે પછીથી વ્યક્તિના ગુણ-દોષને વિચારી વિઝા આપનાર દેશ એને વિઝા પોતાની મરજીથી આપી શકે છે અને તે પછી વિઝા લેનારને તે દેશની સફર કરવામાં કોઈ અડચણ રહેતી નથી, તેવી જ રીતે ગદ્યમંત્રમાં સહુથી પ્રથમ ભગવાન સમક્ષ જીવ પોતાનું ગુણ-દોષોવાળું સ્વરૂપ સત્ય હકીકત બયાન કરવાના રૂપમાં જણાવે છે કે હું આવો છું, આ દોષો મારામાં છે. જેમાં ઘણા લાંબા હજારો વર્ષના સમયથી ભગવાનથી વિખૂટા રહેવું, જેને કૃષ્ણયોગ નથી તેવો કૃષ્ણવિયોગની સ્થિતિવાળો, આ વિયોગથી જે તાપક્લેશ થવો જોઈએ તે વિનાનો એટલે કે ભગવાન કેવી રીતે મળે તેવો તાપ અને મળવામાં વિલંબ છે તેનો ક્લેશ એમ તાપક્લેશ વિનાનો તથા ભગવાન પુરુષોત્તમ કે જે આનન્દમય છે તેમના આનન્દ અંશના તિરોભાવવાળો અને આ બધાના કારણે અવિદ્યાના સમ્બન્ધવાળો પોતાને જીવરૂપમાં નહીં જાણી હું દેહ છું, હું ઈન્દ્રિય છું, હું પ્રાણ છું, હું અન્તઃકરણ છું તથા હું સ્ત્રી છું - પુરુષ છું, નાનો છું-મોટો છું, શ્રીમન્ત છું-ગરીબ છું, હું બાપ છું, બેટો છું, પતિ છું, પત્ની છું વગેરે રૂપમાં પોતાને માનવાવાળો, મારા-તારામાં રચ્યો પચ્યો, પોતે ભગવાનનો અંશ અને ભગવાનનો દાસ છે તે ભૂલી ગયેલો. આત્મનિવેદન કરનારો જીવ આવો છે તેવું જાણીને પણ જો ભગવાન તેવા જીવનો અંગીકાર કરે તો પહેલાં કહેવાઈ ગયેલા દોષો રહીને પણ તેના દ્વારા કરાયેલી સેવાને શ્રીપ્રભુ સ્વીકારે છે તેથી તે દોષો સેવામાં બાધા કરી શકતા નથી. જેમ એક દેશનો અપરાધી વ્યક્તિ બીજા દેશમાં જવાની ઈચ્છા કરે અને તે બીજા દેશમાં રહેવાની ત્યાંની રાજ્યસત્તાની પરવાનગી માટે અરજી કરે અને બીજા દેશની રાજ્ય સત્તા આ વ્યક્તિ અમુક દેશનો અપરાધી છે તેમ જાણીને પણ તેને રાજકીય અનુગ્રહ સ્વરૂપમાં રાજ્યાશ્રયની પરવાનગી આપવા માંગે તો આપી શકે છે અને તેવી સંમતિ મળતાં તેનું અપરાધીપણું કાયમ રહીને પણ તે બીજા દેશમાં બે રોકટોક રહી શકે છે. તેમ જીવના દોષો જાણીને પણ ભગવાન તે દોષવાળા જીવ વડે કરાયેલી સેવા અંગીકાર કરી શકે છે.

અથવા ભજનાધિકાર રૂપ સંસ્કારને બીજી રીતે વિચારીએ તો જેમ વૈદિક વિવાહ સંસ્કાર થયા પછી સ્ત્રી અને પુરુષ પતિ-પત્નીના રૂપમાં સાથે રહેવા અને વૈધ સન્તાન ઉત્પન્ન કરવા ધાર્મિક-સામાજિક અને કાયદાકીય રીતે અધિકારી થાય છે. તેમ બ્રહ્મસંબન્ધ રૂપ સંસ્કાર થયા પછી ભગવાનના દાસરૂપ રહેવામાં, દાસોનું કાર્ય સેવા કરવામાં અને પોતાનામાં રહેલ ભક્તિબીજની પુષ્ટિમાર્ગીય સાધનો દ્વારા અભિવૃદ્ધિ કરવા અધિકારી થાય છે.

હવે આ બાબતમાં - બ્રહ્મસંબન્ધ એટલે શું આ બાબતમાં આપણા પુષ્ટિમાર્ગના શ્રીવલ્લભાચાર્યજી પછીના પ્રાચીન આચાર્યો પોતપોતાના ગ્રન્થોમાં શું જાણાવે છે તેને આપણે તપાસી જઈએ.

(૧) સહુથી પ્રથમ શ્રીગુસાંઈજી પ્રભુચરણ ષોડશગ્રન્થો પૈકી નવરત્ન ગ્રન્થ ઉપરની પ્રકાશ નામની ટીકામાં લખે છે -

‘अतो निवेदने भजनाधिकारः । ‘एवं धर्मैर्मनुष्याणा’ ‘मित्यादिवाक्यैस्तदावश्यकम्, साक्षात् श्रीगोकुलेशभजनाधिकारूपत्वात् द्विजस्य वैदिककर्मणि गायत्र्युपदेशजसंस्कारवत्’ અર્થાત્ જે પ્રમાણે ગાયત્રીમંત્રના ઉપદેશથી દ્વિજને વૈદિક કર્મોમાં અધિકાર સમ્પ્રાપ્ત થાય છે તે પ્રમાણે સાક્ષાત્ શ્રીગોકુલેશ શ્રીકૃષ્ણચન્દ્રના ભજન એટલે કે સેવાનો અધિકાર સમ્પાદન કરનાર આ નિવેદન પ્રકાર છે.

(૨) શ્રીપ્રભુચરણના ચતુર્થ લાલજી શ્રીગોકુળનાથજી સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થના બીજા શ્લોકની ટીકામાં લખે છે - **ब्रह्मसम्बन्धकरणं नाम एतन्मार्गीयाचार्यद्वारा भगवन्निवेदनम् । तेनैव सर्वेषां देहानां, सर्वेषां जीवानां च सेवाप्रतिबन्धकसर्वदोषनिवृत्तिर्भवति ।’** અહીં શ્રીગોકુલેશજીના કથન અનુસાર બ્રહ્મસંબન્ધ કરવો એટલે આ પુષ્ટિમાર્ગના આચાર્ય દ્વારા પોતાનું કહેવાતું સર્વ કંઈ પ્રભુને નિવેદન કરવું છે. આ પ્રકારે નિવેદન કરવાથી જ અથવા નિવેદનાત્મક સંબન્ધ કરવાથી જ સેવામાં પ્રતિબન્ધ કરનારા જે જે પણ જીવસંબન્ધી અને દેહ વગેરે સંબન્ધી દોષો છે તે બધા જ દોષોની નિવૃત્તિ થાય છે.

(૩) શ્રીપ્રભુચરણના પંચમલાલજી શ્રીરઘુનાથજી સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થના બીજા શ્લોકની પોતાની ટીકામાં જાણાવે છે - **‘बृहत्वाद् ब्रह्म पुरुषोत्तमः तत्सम्बन्धस्तस्मिन्देहात्मनो निवेदनलक्षणस्तत्करणात्सर्वेषामाब्रह्मस्तम्बपर्यन्तानां सर्वेषां दोषाणां वक्ष्यमाणपञ्चविधानां दोषाणां निवृत्तिर्भवतीत्यर्थः ।’** શ્રીરઘુનાથજીએ આ સ્થળે ઘણું કરીને શ્રીગોકુળનાથજીના જ કથનનો વિસ્તાર કર્યો છે. તેમના કથન અનુસાર બ્રહ્મ અર્થાત્ જે વ્યાપક છે એવા પુરુષોત્તમ એટલે કે મૂલ સ્વરૂપ શ્રીકૃષ્ણનો સંબન્ધ અર્થાત્ એ પ્રભુમાં દેહ વગેરે અને આત્માના નિવેદન પ્રકારના લક્ષણવાળો સંબન્ધ, આવો સમ્બન્ધ કરવાથી સમગ્ર બ્રહ્માંડ પર્યન્તના દેહસંબન્ધી તથા જીવસંબન્ધી સર્વ દોષો કે જેને સિદ્ધાન્તરહસ્યમાં સહજ, દેશથી ઉત્પન્ન થનારા, કાલથી ઉત્પન્ન થનારા, સંયોગથી ઉત્પન્ન થનારા અને સ્પર્શથી ઉત્પન્ન થનારા છે એમ જાણાવ્યા છે તે બધા જ દોષોની નિવૃત્તિ થાય છે.

(૪) શ્રીપ્રભુચરણના દ્વિતીય લાલજી શ્રીગોવિન્દરાયજીના આત્મજ શ્રીકલ્યાણરાયજી કે જેઓ શ્રીહરિરાયજીના પિતૃચરણ થાય છે તેઓશ્રી સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થના બીજા શ્લોકની પોતાની ટીકામાં લખે છે - **‘ब्रह्मसम्बन्धो नाम स्वमार्गाचार्यद्वारा भगवति निवेदनं, तत्करणात् पुनः स्वयं जीव देहादीनां भगवत्युपयोगकरणात् सर्वेषां देहजीवादीनां सर्वदोषनिवृत्तिर्भवतीत्यर्थः ।’** શ્રીકલ્યાણરાયજીના કથન અનુસાર બ્રહ્મસંબન્ધ એટલે સ્વમાર્ગના આચાર્ય દ્વારા પ્રભુમાં નિવેદન કરવું. આ પ્રકારના નિવેદનથી નિવેદનના અનન્તર નિવેદન કરાયેલ દેહ વગેરેનો ભગવાનમાં એટલે કે ભગવાનના અર્થે ઉપયોગ કરવાથી નિવેદન કરાયેલ અને તે પછી સેવામાં ઉપયોગમાં આવેલા જીવ-દેહ વગેરેના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે.

(૫) ગોસ્વામી શ્રીવ્રજોત્સવજી સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં જણાવે છે - **’ब्रह्मसम्बन्धकरणानन्तरं साक्षात्पुरुषोत्तमसेवाधिकारे सम्पन्ने तद् भजनेनैव दोषनिवृत्तिर्भविष्यतीति तन्निरूपयन्ति ब्रह्मेति । ब्रह्मसम्बन्धकरणं नाम साक्षात्पुरुषोत्तमसम्बन्धकरणम् । तच्च श्रीमदाचार्यद्वारा शरणगमनपूर्वकम् ।’** શ્રીવ્રજોત્સવજીના જણાવ્યા મુજબ બ્રહ્મસંબન્ધ કર્યા પછી સાક્ષાત્ શ્રીપુરુષોત્તમની સેવાનો અધિકાર સમ્પન્ન થતાં તે શ્રીપ્રભુની સેવાથી જ દોષોની નિવૃત્તિ થશે. બ્રહ્મસંબન્ધ કરવો એટલે કે પુરુષોત્તમ સમ્બન્ધ કરવો. તેવો સંબન્ધ શ્રીમદ્ આચાર્યચરણ દ્વારા શ્રીપ્રભુના શરણગમનપૂર્વક જ બનશે.

(૬) ગોસ્વામી શ્રીગોકુલોત્સવજી સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં લખે છે - **‘हि यस्माद्देहजीवयोरुभयोः सम्बन्धिनां सर्वेषां ब्रह्मणः श्रीपुरुषोत्तमस्य सम्बन्धिकरणात्सर्वस्वसमर्पणेन तदीयत्वसम्पादनात्सर्वदोषनिवृत्तिर्भविष्यतीति शेषः । तथा च प्रथमं शरणं प्रविश्य सर्वसमर्पणं कारणीयम्, अनन्तरं सेवाङ्गीकर्तव्या इति सूचितम् ।’** ગોસ્વામી શ્રીગોકુલોત્સવજીના કહ્યા અનુસાર જીવ અને દેહ આ બંનેનો જે - જે પણ વસ્તુ વિશેષ સાથે સમ્બન્ધ છે તે જીવ-દેહ સહિત તે તમામને પરબ્રહ્મ પરમાત્મા શ્રીપુરુષોત્તમના સમ્બન્ધી કરવાથી એટલે કે પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ દ્વારા પોતે જીવ, દેહ અને તે બંનેના સંબન્ધી સર્વ વસ્તુવિશેષમાં ‘આ બધું શ્રીપ્રભુનું છે’ તેવો ભાવ સમ્પાદન કરવાથી સર્વ દોષોની નિવૃત્તિ થાય છે.

(૭) શ્રીહરિરાય મહાપ્રભુ પોતાની ટીકા સિદ્ધાન્ત રહસ્ય વિવરણમાં લખે છે - **‘आदौ सम्बन्धकरणं कन्ययेव स्वयंवरे । स्वस्य सर्वपदार्थानां मनसा तेन योजनम् ॥ सम्बन्धवत्या दूत्येव गुरुणा तत्कृतिर्भवेत् । सम्बन्धश्चापि निर्दोषस्तथा सर्वसमः स्मृतः ॥ वह्नेरिवेति बोधाय प्रोक्तं ब्रह्मपदं पुनः । ‘निर्दोषं हि समं ब्रह्म’ त्यन्नोक्तं तत्तथाविधम् ॥ स्यात्प्रयुक्ते कृष्णपदे विषमत्वं गुणाहितिः । सम्बन्धे तादृशापेक्षा नास्ति दोषनिवारणात् ॥ दोषमात्रनिवृत्त्यर्थं ब्रह्मसम्बन्ध उच्यते । गुणाधायकसम्बन्धः फलसामयिको मतः ॥ एवं हि ब्रह्मसम्बन्धः संस्कारोऽत्र निरूपितः । तदुत्तरं तस्य सर्वसमर्पणमिहोच्यते ॥ यस्मात्कृतो हि सम्बन्धो विनियोगाय सर्वथा । स्वसम्बन्धि यतः कृष्णो न गृह्णातीति निश्चयः ॥’**

શ્રીહરિરાય મહાનુભાવના કથન અનુસાર આરંભમાં જે દૈવી જીવોનો પ્રભુની સાથે સંબન્ધ છે તે કન્યા દ્વારા સ્વયંવરમાં વરણ કર્યા પ્રકારનો છે. પ્રભુએ જે જીવોનું વરણ કર્યું તેમનો સંબન્ધ પ્રભુ સામે સ્થાપિત થયો. તેથી જ અહીં પણ પ્રભુ સ્વયં કૃપાપૂર્વક પ્રકટ થઈને બ્રહ્મસમ્બન્ધના દાન દ્વારા પોતાના સંબન્ધનું દાન કરે છે. શ્રીહરિરાયચરણના આ મતમાં બ્રહ્મસંબન્ધ એ સંસ્કારરૂપ છે. પ્રભુની સેવામાં દોષરહિત નિર્દોષ પદાર્થ જ વિનિયોજિત થાય છે અને બ્રહ્મસંબન્ધ એ સેવામાં પ્રતિબન્ધ કરનારા સર્વ દોષોનું નિવર્તન કરનાર છે.

(૮) ગોસ્વામી શ્રીવિઠ્ઠલેશરાયજી સિદ્ધાન્તરહસ્ય વિવૃત્તિમાં લખે છે - **‘ब्रह्मसम्बन्धकरणात् सर्वदोषनिवृत्तिः । भगवद्भजनकर्तुमुद्युक्तो यो जीवः स तत्कालं शुद्धो भवति। तस्य शुद्धजीवस्य मया सह सम्बन्धः कार्यः । अथवा ब्रह्मणा मया सह सम्बन्धः कार्यः । तत्सम्बन्धप्रकारा दशमस्कन्धे उक्ताः ‘कामं क्रोधं भयं स्नेह’मिति श्लोके ।’** શ્રીવિઠ્ઠલેશરાયજીના કહ્યા અનુસાર દશમસ્કન્ધમાં કહેવાયેલા પ્રકારે બ્રહ્મ સાથેનો સંબન્ધ થવો એ બ્રહ્મસંબન્ધ છે, આ પ્રકારે તેઓશ્રી સંસ્કૃત વ્યાકરણ અનુસાર તૃતીયા તત્પુરુષ સમાસથી અર્થગ્રહણ કરે છે.

(૯) દશદિગન્તવિજયી ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી લેખવાળા સિદ્ધાન્તરહસ્યની ટીકામાં જણાવે છે - **‘ब्रह्मसम्बन्धो नाम सर्वस्मिन् भगवत्स्वामिकत्वरूपः सम्बन्धः, तस्य करणं नाम भगवता**

आचार्यान् प्रति गद्येनोक्तो य आत्मसमर्पणप्रकारः तद्रीत्या भगवति स्वात्मसहितस्वीयसर्वपदार्थानां भगवति तथात्वविज्ञापनम् ।’ શ્રીપુરુષોત્તમચરણનાં કથન મુજબ બ્રહ્મસંબન્ધ એટલે સર્વમાં પ્રભુના સ્વામિપણાના સ્વરૂપવાળો સંબન્ધ. તે સમ્બન્ધ કરવો એટલે કૃપાયુક્ત પ્રભુએ શ્રીવલ્લભાચાર્યચરણ પ્રતિ ગદ્યમંત્ર દ્વારા જે આત્મસમર્પણ પ્રકાર બતાવ્યો તે રીતિથી પ્રભુમાં પોતાના આત્મા સહિત પોતાનું જે કંઈ પણ કહેવાતું છે તે બધા જ પદાર્થોનું સમર્પણાત્મક વિજ્ઞાપન કરવું એ ‘બ્રહ્મસંબન્ધ’ કરવું છે. આ સ્થળે શ્રીપુરુષોત્તમચરણે એક બીજી વાત પણ સ્પષ્ટ કરી છે કે જે સમ્પ્રદાયમાં ગદ્યમંત્ર સંબન્ધી વિવાદ છે કે ગદ્યવિભાગ શ્રીઆચાર્યચરણ દ્વારા રચાયેલો છે અથવા શ્રીપ્રભુચરણ દ્વારા અથવા શ્રીગોકુળનાથજી દ્વારા રચાયેલો છે. આ બાબતમાં શ્રીપુરુષોત્તમચરણના મત અનુસાર આ ગદ્યવિભાગ સાક્ષાત્ શ્રીનાથજીએ જ કહ્યો છે. આ વિષયમાં શ્રીહરિરાયજીની પણ આમ જ સમ્મતિ છે. શ્રીહરિરાયજીના મત અનુસાર તો ‘**ब्रह्मसम्बन्धकरणात्सर्वेषां देहजीवयोः । सर्वदोषनिवृत्तिर्हि**’ આટલું વાક્ય પણ શ્રીનાથજી દ્વારા જ રચાયેલું છે.

(૧૦) શ્રીગિરિધરજી સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં જણાવે છે કે - **तथा च तेन ब्रह्मणा सह देहजीवयोर्यः सम्बन्धः स्वमार्गीयनिवेदनेन तदीयत्वसम्पादनलक्षणस्तत्करणात्सर्वेषां दैवजीवमात्राणां सर्वदोषनिवृत्तिर्भवति ।’** શ્રીગિરિધરજીના કહેવા મુજબ આ બધું જ પ્રભુનું છે તેવા તદીયત્વભાવનું સમ્પાદન થવાના લક્ષણવાળો બ્રહ્મની સાથે જીવ-દેહનો જે સમ્બન્ધ છે તે બ્રહ્મસમ્બન્ધ છે.

(૧૧) શ્રીલાલુભટ્ટજી એમ ઉપનામવાળા દીક્ષિત શ્રીબાલકૃષ્ણજી ભટ્ટ સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં લખે છે - ‘**ब्रह्मसम्बन्धकरणादिति । ब्रह्मणा सह सम्बन्धः स्वस्वामिभावलक्षणो देहेन्द्रियप्राणान्तःकरणदाराऽऽगारपुत्रादीनां आत्मनश्च तदीयत्वमिति यावत् । तस्य करणाद् गद्यसहितपंचाक्षरनिवेदनमंत्रस्योपदेशेन स्फुटीकरणादित्यर्थः ।’**

(निवेदन विचारे) – ‘तथा च आत्मनो जीवस्य देहेन दाराऽऽदिभिः सह भगवत्सेवोपयोगिकरणमात्मनिवेदनम् ।’ શ્રીલાલુભટ્ટજીના જણાવ્યા અનુસાર દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ, સ્ત્રી, ઘર, પુત્ર વગેરે અને આત્માનો તદીયતા સમ્પાદનપૂર્વક પ્રભુના સ્વામિભાવ લક્ષણવાળો પરબ્રહ્મ સાથેનો સમ્બન્ધ એ બ્રહ્મસબંન્ધ છે. તેઓ નિવેદન વિચારમાં જણાવે છે - આત્માને એટલે કે જીવને દેહ, સ્ત્રી વગેરે સહિત ભગવાનની સેવામાં ઉપયોગી કરવા એ આત્મનિવેદન છે.

(૧૨) શ્રીશાચાર્યમતાનુવર્તી કે જેમનું નામ જાણી શકાયું નથી, તેમ છતાં પણ શ્રીગુસાંઈજીના સપ્તમ લાલજી શ્રીઘનશ્યામજીના લાલજી શ્રીદેવકીનંદનજીની સંભાવના કરી શકાય છે, તેઓશ્રી સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં લખે છે - **निर्दोषं हि समं ब्रह्माहम्, तस्मिन् सम्बन्धस्य करणात् साधकतमात् सगद्यपंचाक्षरकथनात् । अंशत्वेऽपि ‘पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्यया’ विति भक्तिमार्गीयात्मसमर्पणापरपर्यायनिवेदनद्वारा सेवकत्वकरणादित्यर्थः** ’ આ ટીકાકારના કથનાનુસાર ‘**ब्रह्मणि सम्बन्धो ब्रह्मसम्बन्धः**’ આ મુજબ વ્યુત્પત્તિ દ્વારા ગદ્યસહિત પંચાક્ષરના ઉચ્ચારણથી ભક્તિમાર્ગીય આત્મસમર્પણરૂપ નિવેદન દ્વારા ભગવત્સેવકપણું સમ્પાદન કરવાના સ્વરૂપનો સમ્બન્ધ પ્રભુમાં કરવો એ બ્રહ્મસંબન્ધ કરવો છે.

ઉપર્યુક્ત બાર ટીકાઓનું અવલોકન કરતાં ૮-૧૦ અને ૧૧ નંબરના ટીકાકારો ‘**ब्रह्मणा सह सम्बन्धः**’ આ પ્રકારે તૃતીયા તત્પુરુષ સમાસ ગ્રહણ કરી અર્થઘટન કરે છે. જ્યારે ૧-૨-૪-૬-૯ અને ૧૨ નંબરના ટીકાકારો

‘ब्रह्मणि सम्बन्धः’ એમ સપ્તમી તત્પુરુષ સમાસ ગ્રહણ કરી શબ્દાર્થને સમજાવે છે. શ્રીપુરુષોત્તમજી જે મુજબ બ્રહ્મસંબન્ધ શબ્દનો અર્થ પ્રદર્શિત કરે છે તે સમજવા માટે વધુ સ્પષ્ટ છે. તેઓશ્રી આરંભમાં ષષ્ઠી તત્પુરુષ સમાસ દ્વારા **‘सर्वस्मिन् भगवतः सम्बन्धः’** એમ અર્થ જણાવી **‘ब्रह्मसम्बन्धकरण’** એમ ત્રણ શબ્દવાળા પદનો અર્થ **‘भगवति स्वात्मसहित स्वीयसर्वपदार्थानां भगवति सम्बन्धकरणम्’** આ પ્રકારે અહીં બ્રહ્મસંબન્ધ શબ્દના અર્થને વિચારતાં આ જગતનો સર્વ વ્યવહાર ત્રણ પ્રકારે **યુષ્મદ્** શબ્દથી તું અથવા તમે. **અસ્મદ્** શબ્દથી હું અથવા અમે અને **તત્** શબ્દથી તે અથવા તે લોકો એમ બોલીને ચાલે છે. એમાં **તું, હું** અને **તે** ના વિષયભૂત પદાર્થને ભગવાનની ક્રીડાના અન્તર્ગત ભગવાનના સ્વામિપણાના સ્વરૂપમાં જોવાની સિદ્ધ દશાના રૂપમાં અહીં બ્રહ્મસંબન્ધ કરવામાં આવે છે. **હું** એટલે હું પોતે, મને, મારા વડે, મારા માટે, મારાથી મારું, મારામા આ બધા વિષયો આવી જાય છે. **તું** એટલે તું, તને, તારા વડે, તારા માટે, તારાથી, તારું, તારામાં આ બધા વિષયો આવી જાય છે અને **તે** એટલે હું અને તું થી અલગ ત્રીજો તે એટલે તે, તેને, તેના વડે, તેના માટે, તેનાથી, તેનું, તેનામાં આ બધા વિષયો આવી જાય છે. મતલબ કે આ ત્રણેના વિષયભૂત પદાર્થો ભગવાનના જ છે, ભગવાને ક્રીડા માટે રચેલા છે અને એ બધાના ભગવાન જ એકમાત્ર સ્વામી છે એમ જોવાની વિચારવાની અનુભવવાની જે સિદ્ધદશા છે એનો પ્રાથમિક સંસ્કાર આ દીક્ષાથી કરવામાં આવે છે. ગદ્યમંત્રમાં ત્રણ વિભાગો છે **હજારો વર્ષોથી** આ શબ્દથી આરંભી **તેવો હું છું** અહીં સુધીમાં હું પદાર્થ કહેવાયો છે, **ભગવાન** શબ્દથી આરંભી **શ્રીગોપીજનવલ્લભ** સુધીમાં **તું** પદાર્થ કહ્યો છે અને **દેહ** પદથી આરંભી **આત્માસહિત** સુધીમાં **તે** પદાર્થ જણાવ્યો છે તેમજ **સમર્પણ કરું છું** પદથી આ બધું જ ભગવાનનું છે તેનો સ્વીકાર કરવામાં આવે છે. અતઃ **‘स्वस्य जीवस्य ब्रह्मणि कृष्णे सर्वस्वनिवेदनपूर्वकसेवकत्वेन सम्बन्धः’** આ અર્થ બરાબર લાગે છે. અથવા તો આ પ્રકારે પણ અર્થ કરી શકાય છે કે **‘स्वस्य जीवस्य ब्रह्मणि कृष्णे सेवकभावविशिष्टसर्वस्वनिवेदनरूपो सम्बन्धः’** કારણ કે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણની આજ્ઞા અનુસાર આ બ્રહ્મસમ્બન્ધ એ ભજનાધિકારરૂપ હોવાથી અને આ ભજનને શ્રીઆચાર્યચરણે **‘मानसी सा परा मता’** આ શબ્દોમાં માનસીના પ્રકારમાં બતાવ્યું છે અને શ્રીમદ્ ભગવદ્ગીતા ભક્તિયોગાધ્યાયમાં (૧૨ મામાં) **‘मय्यावेश्य मनो ये माम्’** આ પ્રકારે પ્રભુમાં મનના નિવેશ સ્વરૂપની ભક્તિ કહેવામાં આવી છે અને ત્યાં જ આગળ **‘मय्येव मन आधत्स्व’** આ પ્રકારે પ્રભુમાં મનનું આધાન કરવાનો આદેશ હોવાથી તેવી સેવા પ્રકારવાળી ભક્તિના સંસ્કારરૂપમાં બ્રહ્મસમ્બન્ધકરણ હોવાથી આ સમ્બન્ધ નિવેદનાત્મક અથવા સમર્પણાત્મક હોવાથી સપ્તમી તત્પુરુષથી જ અર્થ ગ્રહણ કરવો વિશેષ ઉચિત છે. કારણ કે બ્રહ્મસમ્બન્ધ કર્યા પછીથી પ્રતિદિન મંત્રમાં કહ્યા પ્રકારે સમર્પણનો અભ્યાસ કરવાથી જ ગદ્યમંત્રમાં કહેવાયેલ આનન્દાંશના સ્ફુરણ વડે ભગવદ્ વિપ્રયોગભાવનો મનમાં આવિર્ભાવ સંભવ છે. અહીં જે સમર્પણ શબ્દનો પ્રયોગ છે તે **‘अर्पणं स्वामिभोग्यस्य स्वामिने ज्ञापनं मतम्’** એટલે કે અર્પણ અર્થાત્ સ્વામીએ ભોગ કરવાનો પદાર્થ સ્વામીને જ્ઞાપન કરવો એ અર્પણ છે. જેમકે દુનિયાના વ્યવહારમાં ઘરમાં રસોઈ બનાવનાર સેવક યા નોકર રસોઈ બનાવી શેઠને-માલિકને જ્ઞાપન કરે અને કહે કે શેઠ તમે જમો. ત્યારે ઘર શેઠનું, રસોઈ બનાવવાનાં વાસણો શેઠનાં, રસોઈ માટેનું અનાજ -મસાલા વગેરે પણ શેઠના અને પોતે પણ શેઠનો જ નોકર એ જેમ શેઠને આપે તેમ અહીં પોતે પણ ભગવાનનો સેવક, પોતાનું કહેવાતું જે કંઈ પણ છે તે પણ બધું જ ભગવાનનું અને તે સેવા માટે ભગવાને જ આપેલું છે આ ભાવના ગદ્યમંત્રમાં રહી હોવાથી અહીં સમર્પણ એટલે અત્યાર સુધી આ મારું હતું અને હવે આજથી તારું એમ નહીં પણ આપણે જેમ વિચારી ગયા તે ભાવના છે. આ દીક્ષા સંસ્કારરૂપ એટલા માટે કહેવાય છે કારણ કે જન્મજન્માન્તરોથી મારું-તારું કરતા આવ્યા તેથી મારું-તારું માનવાનો-બોલવાનો કે આચરવાનો જે સ્વભાવ જામી પડ્યો છે તે કંઈ એકદમ એક ઝાટકે ચિત્તમાંથી નીકળી નથી

જતો, પરંતુ પ્રાથમિક રીતે આરંભમાં વાણીના ઉચ્ચારણ વડે તે બાબતનો સ્વીકાર કરી પ્રતિદિન તે ભાવનાપૂર્વક સમર્પણનો અભ્યાસ સેવા સ્વરૂપમાં કરવામાં આવે છે ત્યારે **કરત કરત અભ્યાસ કે જડમતી હોત સુજાન, રસરી આવત જાત તે સિલ પર પરત નિશાન** આ મુજબ ક્રિયા અને વાણી વડે કરવામાં આવેલો અભ્યાસ પરિણામે એ સમર્પણ ભાવનાને મનમાં વ્યાપ્ત કરે છે. આ સમર્પણ ભાવના મનમાં વ્યાપી જવી એને પુષ્ટિમાર્ગમાં ભક્તિની સિદ્ધદશા માનવામાં આવે છે. આને જ શ્રીવલ્લભાચાર્યજી સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં **માનસી સેવા**ના નામે આલેખે છે. આ દશામાં મનુષ્યનું ચિત્ત જે રીતે સમ્પૂર્ણપણે કૃષ્ણમાં પરોવાઈ ગયેલું હોય છે તેવું પરોવાઈ ગયેલું ચિત્ત આની પૂર્વદશામાં નથી હોતું. તેથી જ શ્રીવલ્લભાચાર્યજી જણાવે છે કે **આ દશાને પામવા માટે આજથી જ તનુ-વિત્તજા સેવા કરો.** તનુ-વિત્તજા એટલે તન એટલે પોતાનું શરીર અને વિત્ત એટલે પોતાનું જે કંઈ પણ કહેવાતું હોય તે બધું જ. તે બન્ને વડે સમર્પણાત્મિકા સેવા કરવી. એમ કરતાં કરતાં પરિણામે મનમાં પણ તે સમર્પણ ભાવ વ્યાપી જશે. આ પ્રકાર હોઈ બ્રહ્મસંબન્ધ દીક્ષાને સમર્પણ સંસ્કાર નામે કહેવામાં આવે છે.

હવે આપણે જ્યારે બ્રહ્મસંબન્ધનો શબ્દાર્થ વિચારી રહ્યા છીએ ત્યારે એ પણ વિચારી લઈએ કે અહીં સંબન્ધ શબ્દ સાથે કૃષ્ણ, ભગવાન વગેરે શબ્દો નહીં જોડી **બ્રહ્મ** શબ્દનો પ્રયોગ શા કારણથી કર્યો છે. કૃષ્ણસંબન્ધ, ભગવત્સંબન્ધ, વ્રજેશ સંબન્ધ, ગોપીજનવલ્લભ સંબન્ધ વગેરેની જગ્યાએ બ્રહ્મ સાથેનો સંબન્ધ કેમ ? એ પ્રશ્નને પણ વિચારી લઈએ. કારણ કે આ માર્ગમાં કૃષ્ણસેવા-કૃષ્ણભક્તિ કરવાની છે, બ્રહ્મસેવા કે બ્રહ્મભક્તિ કરવાનું કહેવામાં નથી આવ્યું, તેમજ ગદ્યમંત્રમાં પણ કૃષ્ણ, ભગવાન, ગોપીજનવલ્લભ એમ ત્રણ નામો કહ્યા છે ત્યાં ગદ્યમંત્રમાં ક્યાંય પણ બ્રહ્મ શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળતો નથી, તેથી બ્રહ્મસંબન્ધ એમ શબ્દ પ્રયોગ કેમ ?

તો એના ઉત્તરમાં બે કારણોથી અહીં બ્રહ્મ શબ્દનો પ્રયોગ કર્યો છે. યદ્યપિ જેને વેદાન્તમાં યા ઉપનિષદ્માં બ્રહ્મ નામે કહેવામાં આવે છે તેને જ ગીતામાં પરમાત્મા નામે ઓળખવામાં આવે છે અને તેને જ ભાગવતમાં ભગવાન નામે જાણવામાં આવે છે એમ શ્રીવલ્લભાચાર્યજી નિબન્ધમાં જણાવે છે. અને આ જ બ્રહ્મ-પરમાત્મા અથવા ભગવાનને શ્રીવલ્લભાચાર્યજી પોતાના જુદા જુદા ગ્રન્થોમાં કૃષ્ણ નામે જણાવે છે. તેથી બ્રહ્મ શબ્દનો પ્રયોગ કરવાથી કૃષ્ણ કે ભગવાન સાથેનો સંબન્ધ નથી થતો એમ માનવા કહેવાને કોઈ કારણ નથી રહેતું. તેમ છતાં પણ બ્રહ્મ શબ્દનો પ્રયોગ અહીં બે કારણે કરવામાં આવ્યો છે.

એક કારણ એ છે કે **‘निर्दोषं हि समं ब्रह्म’** એ વાક્ય અનુસાર તેમજ ગીતામાં **‘समोहं सर्वभूतेषु न मे द्वेष्योस्ति न प्रियः’** એ વાક્ય અનુસાર જેમ બ્રહ્મમાં સર્વ સમતાનો ધર્મ છે તેમ અહીં પણ આત્મનિવેદન કર્યા પછી દરેક જીવના અંગીકારમાં પણ સર્વ સમાનતા જ છે, કોઈનો વધારે અને કોઈનો ઓછો અંગીકાર થાય છે તેમ નથી, ભગવાનના અંગીકારમાં કોઈ પણ પ્રકારની વિષમતા નથી એમ જણાવવા બ્રહ્મ પદનો પ્રયોગ છે.

બીજું કારણ જીવોમાં આ દીક્ષા યા મંત્ર પરત્વે વિશ્વાસને અર્થે બ્રહ્મ શબ્દનો પ્રયોગ છે. જેમ ગીતામાં દરેક અધ્યાયના અન્તે **‘श्रीमद् भगवद्गीतासु उपनिषत्सु ब्रह्मविद्यायाम्’** વગેરે વાક્યો બોલવામાં આવે છે તેમાં ગીતાને ઉપનિષદ્ કહેવામાં આવે છે ત્યારે ગીતાને જે ઉપનિષદ્ કહેવામાં આવે છે તે ગીતા એ ભગવદ્ વાક્યો-ભગવદ્ વાણી હોવાથી કહેવામાં આવે છે, તેવી જ રીતે આ ગદ્યમંત્ર પણ કોઈ જીવ કે કોઈ ઋષિ, મહાત્મા કે મહાપુરુષના મુખથી પ્રકટ થયો નથી પણ આ સાક્ષાત્ કૃષ્ણના મુખથી જ પ્રકટ થયેલો ભગવદ્ વાણી-ભગવદ્ વાક્યરૂપ છે તેથી ગદ્યમંત્ર વેદ તુલ્ય-વેદ સમાન જ છે વેદથી ન્યૂન નથી એમ જણાવવા માટે પણ બ્રહ્મ પદનો પ્રયોગ કર્યો છે.

અહીં બ્રહ્મ શબ્દ કહેવાનું એક ત્રીજું કારણ પણ રહેલું છે. અહીં કૃષ્ણ

સંબન્ધ એમ નહીં કહી બ્રહ્મસંબન્ધ એમ કહ્યું છે. કારણ કે કૃષ્ણ નામ એ ફલરૂપ હોવાથી પ્રભુનો ફલરૂપમાં સાક્ષાત્ સંબન્ધ એ અલૌકિક ઈન્દ્રિયો દ્વારા સેવનરૂપ છે, તેવો સંબન્ધ તો આગળ જઈને પરા-પ્રેમલક્ષણા સેવામાં અભિનિવેશ થતાં સિધ્ધ થશે, પરન્તુ અહીં અત્યારે તો માત્ર તનુ-વિત્તજા સેવા કે જે સાધનરૂપા સેવા છે તે સેવામાં પ્રતિબન્ધ કરનારા જે દોષ છે તે દોષોની પ્રતિબન્ધકતાનું નિવારણ કરનારો જે સંબન્ધ છે તે સંબન્ધ જ આરંભદશા માટે બતાવવાનો છે તેથી પણ અહીં બ્રહ્મસંબન્ધ એમ કહ્યું છે. મેલ સાથે સંબન્ધ થવાથી મેલ દૂર નહીં થાય પણ સ્વચ્છ હોય તેનાથી જ મેલ દૂર થઈ શકે તેમ દોષવાળી કોઈ પણ વસ્તુ સાથેના સંબન્ધથી દોષ દૂર થઈ શકે નહીં, પણ જે સર્વથા નિર્દોષ હોય તેના સંબન્ધથી જ દોષો નિવૃત્ત થઈ શકે અને સમગ્ર વિશ્વમાં નિર્દોષ એક માત્ર બ્રહ્મ જ હોવાથી બ્રહ્મ સાથેનો સંબન્ધ જણાવ્યો છે.

પ્રશ્ન – ૨, બ્રહ્મસમ્બન્ધની આવશ્યકતા

પ્રશ્ન - શું બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવી જરૂરી છે, ન લેવામાં આવે તો ન ચાલે ?

ઉત્તર - તમારો પ્રશ્ન યોગ્ય જ છે. કારણ કે કોઈ પણ કાર્ય કરવામાં કાર્યની આવશ્યકતાની ગુણવત્તાના આધાર પર જ્યારે કાર્ય માટેની પરમ આવશ્યકતા જણાય છે ત્યારે જ તે કાર્ય કરવા માટે આપણી સવિશેષ રુચિ અને પ્રવૃત્તિ થાય છે. તેથી બ્રહ્મસમ્બન્ધની આવશ્યકતાનો વિચાર કરવો એ સર્વથા જરૂરી જ છે.

જેમ લૌકિકમાં વૈવાહિક જીવનમાં સ્ત્રી-પુરુષ બન્નેના દમ્પતીના રૂપમાં બન્ધન માટે વિવાહરૂપ સંસ્કાર અપેક્ષિત છે, તેમ અલૌકિકમાં પોતાના આત્માસહિત પોતાના કહેવાતા સર્વ પદાર્થોનું નિવેદન કરવાના સ્વરૂપનો સંસ્કારરૂપ સંબન્ધ પૂર્ણરૂપે અપેક્ષિત છે. જે દેશોમાં અથવા ધર્મોમાં વેદશાસ્ત્રની માન્યતા નથી તેવા દેશો યા ધર્મોમાં પણ સર્વત્ર જુદા-જુદા પ્રકારે પરસ્પર એકબીજા પ્રતિ શબ્દ ઉચ્ચારણ વડે સ્વીકૃતિની અપેક્ષાવાળી પધ્ધતિ આજે પણ વિદ્યમાન છે. ઈસ્લામ ધર્મમાં નિકાહ દ્વારા દામ્પત્યની સ્વીકૃતિનો પ્રકાર છે તો ઈસાઈ ધર્મમાં ગિરજાઘરમાં પાદરી સમક્ષ પરસ્પરની સ્વીકૃતિની વિધિ કરવામાં આવે છે. તેમજ જે લોકો ધર્મવિધિ મુજબ વિવાહ કરવા નથી ચાહતા તેવા લોકોએ પણ પ્રત્યેક દેશોમાં ન્યાયાલયના માધ્યમથી ‘મેરેજ ડોક્યુમેન્ટ’ દ્વારા પારસ્પરિક સ્વીકૃતિની વિધિ તો અપેક્ષિત રહે જ છે. આ વિધિઓ કર્યા પછી જ તે તે સ્થળે દામ્પત્ય વૈધ એટલે કે કાયદેસર બને છે. વૈદિક પ્રણાલિકા અનુસાર પણ બ્રાહ્મણવંશમાં ઉત્પન્ન થયેલ બાળકને ગુરુમુખથી ગાયત્રીમંત્રના ઉપદેશ રૂપના સંસ્કાર વડે વેદનું પઠન-પાઠન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે ભક્તિમાર્ગમાં પણ સેવા કરવાનો અધિકાર સમ્પાદન થયા પછી જ તેની પુષ્ટિસેવામાં પ્રવૃત્તિ થઈ શકે છે.

યદ્યપિ **‘तदुक्त्या जीवानां अशेषाणां सहज दासत्वं ज्ञापितम् भवति’** એમ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના સિધ્ધાન્તમુક્તાવલી ગ્રન્થ પરની ટીકામાં લખાયેલા વાક્ય અનુસાર સર્વ જીવમાત્ર સહજ રૂપમાં જ એટલે કે જીવ રૂપે એની જ્યારથી સ્થિતિ છે ત્યારથી જ પ્રભુનો દાસ સેવક હોવાના કારણે દરેક જીવમાત્રને પૂર્વથી જ સેવાનો અધિકાર છે જ તેમ છતાં પણ સેવાના અધિકારીને નવીન રૂપમાં સેવાનો અધિકાર પ્રદાન કરવાનું શું પ્રયોજન ? એવી શંકા થાય તો તેના સમાધાનમાં - ભગવાને પોતાના મનથી, વાણીથી અને કાયાથી સૃષ્ટિની ઉત્પત્તિ કરી છે એમ શ્રીવલ્લભાચાર્યજીએ પુષ્ટિપ્રવાહમર્યાદા નામના ગ્રન્થમાં જણાવ્યું છે, તેમજ ગીતાના સોળમા અધ્યાયમાં દૈવી અને આસુરી એમ બે વિભાગે સમ્પદ્ વિભાગ કહેવામાં આવ્યો છે, તેવી જ રીતે ઉપનિષદ્‌માં પણ **‘स एष रमणीयचरणाः’ ‘स एष कपूयचरणाः’** અને **‘जायस्व म्रियस्व’** એમ ત્રિવિધતાથી જીવના અધિકાર ભેદ અનુસાર તેમના-તેમના માટેના ત્રણ માર્ગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પૈકી **‘आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि’** આ ગીતાનાં વાક્યમાં જે **मूढ** શબ્દ

કહ્યો છે તે આસુરી જીવો વડે દાસધર્મના અકરણને લઈ કહેવાયો છે. કારણ કે **'देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव च । भजन्मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्'** એટલે કે દેવ, અસુર, મનુષ્ય અથવા તો યક્ષ, ગન્ધર્વ કોઈ પણ હોય ભગવાન મુકુન્દનું ભજન કરતાં કલ્યાણને પામનારા થાય છે, આ પ્રહ્લાદજીના ભાગવત સપ્તમ સ્કન્ધના વાક્યથી પ્રત્યેક ચેતનયુક્ત જીવો ભગવાનના સેવક હોવાના નાતે તે પ્રત્યેકનો ભક્તિ કરવાનો અને તે વડે કલ્યાણ પામવાનો અધિકાર અક્ષુણ્ણ છે તેમજ જીવમાત્ર પ્રભુના સેવક કિંવા દાસ હોવાના કારણે સેવા કરવી એ જીવમાત્ર માટે અનિવાર્ય રૂપમાં આવશ્યક છે, તેમ છતાં પણ - આવશ્યક હોઈને પણ સેવા દ્વારા સેવક ધર્મ નહીં બજાવવો એ જ એની મૂઢતા છે, અને તેથી જ તે વારંવાર આસુરી યોનિને પ્રાપ્ત થતો રહે છે. જ્યારે દૈવી જીવ ભગવાનના અનુગ્રહે ભગવત્સેવન દ્વારા પોતાના મૂલ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી સફલી બને છે. જે પ્રકારે દૈવી જીવોની પ્રગતિ બતાવવામાં આવી છે તે પ્રકારે દૈવી સિવાયના અન્ય જીવમાં તેમ ઘટતું નથી, કારણ કે તેમના માટે સૃષ્ટિના આદિમાં જ તે મુજબની જ ભગવાનની ઈચ્છા છે એમ જાણવા મળે છે. તેથી જ પ્રભુ શ્રીકૃષ્ણ ગીતામાં જણાવે છે કે - **'दैवी सम्पद् विमोक्षाय निबन्धायासुरी मता'** એટલે કે દૈવી સમ્પદા પરિણામે મોક્ષ મેળવવા માટે છે અને આસુરી સમ્પદા એ નિત્યનાં બન્ધન માટે છે. અતઃ જેમના માટે નિબન્ધનની ઈચ્છા છે તેવાઓને પોતે સેવક છે તેવું સ્ફુરણ નહીં થવાના કારણે તે લોકોની સેવામાં ગતિ થવી સંભવ નથી. જ્યારે જે લોકો માટે મોક્ષની ઈચ્છા છે તે લોકોને જ પોતાના મૂલ સ્વરૂપનું તથા સેવ્ય શ્રીપ્રભુના સ્વરૂપનું સ્ફુરણ થવું શક્ય હોવાથી તેવા દૈવી સમ્પદાવાળા જીવોની જ સેવામાં પ્રવૃત્તિ થવી શક્ય બને છે.

અહીં એવી શંકાને સ્થાન છે કે શ્રીમદ્ ભાગવત વગેરેમાં હિરણ્યાક્ષ, હિરણ્યકશ્યપની કાલાન્તરમાં મુક્તિ જણાવવામાં આવી છે તથા બીજા પણ અસુરોની મુક્તિને જણાવતા પ્રસંગો શાસ્ત્રોમાં જોવા-સાંભળવા મળે છે, તો તેની શી વ્યવસ્થા ? તો આવી શંકાના ઉત્તરમાં - શાસ્ત્રમાં આવા લોકોની મુક્તિ

થયેલી જણાવાઈ છે ત્યાં તે લોકો જીવરૂપમાં આસુર નથી પરન્તુ તેમનામાં આસુરાવેશ માત્ર છે. કિન્તુ જ્યાં આસુરોની એટલે કે આસુરી જીવોની મુક્તિ જણાવાઈ છે ત્યાં એમની મુક્તિનો પ્રકાર મહા-અન્ધતામસ્‌માં પ્રવેશ થવારૂપ મુક્તિ કહેવાઈ છે, ત્યાં અક્ષર બ્રહ્મમાં વિલય થવાના સ્વરૂપની મુક્તિનો પ્રકાર નથી જણાવ્યો. તેથી તે બાબતમાં પણ કોઈ પણ પ્રકારે સિદ્ધાન્તબાધ પ્રાપ્ત થતો નથી.

જ્યારે પ્રભુમાંથી ચિદ્-ચેતન અંશનું અગ્નિમાંથી તણખા નીકળે તેમ વ્યુચ્ચરણ થયું ત્યારે તે સચ્ચિદાનન્દરૂપ હતો. એમાં આનન્દ-અંશ પ્રકટ હતો. કિન્તુ **'पराभिध्यानात्तु तिरोहितं, ततो ह्यस्य बन्धविपर्ययौ'** બ્રહ્મસૂત્રના આ સૂત્રના ભાષ્યમાં શ્રીવલ્લભાચાર્યજીએ જણાવ્યા મુજબ પ્રભુમાંથી પ્રકટ થયેલ ચિદ્‌અંશમાંથી ભગવાનની ઈચ્છાના કારણે તેનામાં જે આનન્દ અંશ પ્રકટ હતો તે આનન્દ અંશનું એનામાંથી તિરોધાન થવાના કારણે તે-જીવ અવિદ્યાનાં બન્ધનોમાં બંધાયો, તેમજ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય આ છ ભગવાનના ધર્મો જે તેનામાં પ્રકટ હતા તેનું પણ તિરોધાન થયું, આ છ ધર્મોના તિરોધાન થવાના કારણે અને તેમાં પણ ખાસ કરીને સ્વરૂપનું અજ્ઞાન થવાના કારણે તે વિપ્રયોગજ તાપકલેશ-આનન્દથી વિરહિત બન્યો અને તાપકલેશ-આનન્દના તિરોધાન થકી તેનામાં જે સહજરૂપમાં સેવામાં રુચિ-પ્રવૃત્તિ બનવી જોઈએ તે નહીં બની તેની જગ્યાએ તે દેહ-ઘર વગેરેમાં આસક્તિવાળો બન્યો. આ જ અવિદ્યા આપણને ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરનારી બની રહી છે. મોટરકારમાં સફર કરવા નીકળ્યા છીએ અને આગળ જવું છે અને જો રસ્તામાં પથ્થરની મોટી શિલા પડી હોય ત્યારે તે શિલા જ્યાંસુધી રસ્તા પરથી દૂર કરવામાં ન આવે ત્યાંસુધી આપણી કાર આગળ વધી શકતી નથી. તેવી જ રીતે અહીં પણ સેવાકરણમાં ઉત્પન્ન થયેલા કે ઉત્પન્ન થનારા અન્તરાયો -બાધકોને દૂર કરવા પણ તેટલા જ આવશ્યક છે. કારણ કે ભગવાનનું સ્વરૂપ સર્વદોષોથી પર સર્વથા નિર્દુષ્ટ છે અને તેવા દોષરહિત ભગવત્સ્વરૂપની સેવા પણ જે નિર્દોષ હોય તે જ

કરી શકે છે. સેવામાં દોષરૂપ પ્રતિબન્ધ કરનારી માયા ગીતામાં કહ્યા અનુસાર સર્વને માટે **‘दुरत्यया’** એટલે કે સહેલાઈથી તરી ન શકાય તેવી હોવાથી એકમાત્ર ભગવાનનો અનુગ્રહ જ માયા તરવામાં બળરૂપ હોવાથી તે દોષોની નિવૃત્તિ સ્વરૂપના અધિકારની પ્રાપ્તિ ભગવાનની શરણાગતિરૂપે સમ્બન્ધ થવાથી જ શક્ય હોવાથી પોતે દૈવીજીવ હોવા છતાં પણ જીવને ભગવાનની સેવા માટે દોષનિવૃત્તિરૂપ અધિકારની આવશ્યકતા રહે છે. ગદ્યમંત્ર દ્વારા હું અને મારુંની બુદ્ધિવાળા સર્વ પોતાના કહેવાતા પદાર્થોનું ભગવાનને નિવેદન કરવાના સંસ્કાર થકી તે પદાર્થોને ભગવાનના સંબન્ધવાળા કરવામાં આવે છે જેથી કરીને દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ વગેરેનો ભગવાનની સેવામાં વિનિયોગ થઈ શકે. બ્રહ્મસમ્બન્ધની દીક્ષા લીધા પછી ગદ્યમંત્રમાં કહેવાયેલ સર્વ વસ્તુમાં આ બધું જ ભગવાનને નિવેદિત છે તેવી બુદ્ધિ સતત રાખતાં તનુ-વિત્તજા પ્રકારે સેવાનો અભ્યાસ એટલે કે પ્રતિદિનનું આવર્તન કરવામાં આવે ત્યારે ભગવાનની કૃપાથી માનસી સેવા માટે જે જરૂરી છે તે સર્વાત્મભાવનું દાન પ્રભુ તે જીવને કરે છે. પ્રભુ દ્વારા સર્વાત્મભાવના પ્રદાન પછી જ તે અનુગ્રહ પ્રાપ્ત કરેલો જીવ ફલરૂપ ભજનનો અધિકારી બને છે. અતઃ આ ફલરૂપ ભજનના અધિકારને પ્રાપ્ત કરવામાં કારણરૂપ સર્વ પ્રકારના સેવામાં પ્રતિબન્ધ કરનારા દોષોનું નિવારણ કરનાર બ્રહ્મસમ્બન્ધ કરવાની આ માર્ગમાં આવશ્યકતા રહે છે. આ પ્રકારમાં ભગવદિચ્છા અથવા અનુગ્રહના સિદ્ધાન્ત બાબતમાં પણ કોઈ બાધા ઉત્પન્ન થતી નથી. કેમ કે આ પ્રકાર પણ એટલે કે બ્રહ્મસમ્બન્ધ દ્વારા દોષોની નિવૃત્તિ, સેવાનો અધિકાર સમ્પાદન થવો, તે દ્વારા સેવા કરવી અને તે પણ ફલરૂપ ભજનમાં પ્રવેશ કરવો આ બધો પ્રકાર પણ પ્રભુએ જ કૃપાયુક્ત થઈ પ્રકટ કરેલો છે.

પ્રશ્ન – ૩ : શું ફક્ત બ્રહ્મસમ્બન્ધ લેનારને જ ભગવત્–પ્રાપ્તિ શક્ય છે ?

‘नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन,
यमेवैष वृणुते तेन लभ्यः तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्’

આ મુજબ કઠ ઉપનિષદ્‌ની આ શ્રુતિ અનુસાર પરમતત્ત્વ માત્ર વરણૈકલભ્ય છે એમ કહેવાયું છે અતઃ ભગવત્ પ્રાપ્તિ જીવકૃતિ સાધ્ય નથી, કિન્તુ માત્ર અનુગ્રહ સાધ્ય જ છે. તેમજ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં જણાવ્યા મુજબ **‘नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया । शक्य एवंविधो दृष्टुं दृष्टवानसि मां यथा’** એટલે કે હું વેદથી, તપથી, દાનથી કે યજ્ઞ વગેરેથી આ પ્રકારે પ્રત્યક્ષ રૂપમાં જોઈ શકાતો નથી એમ કહી પોતાની પ્રાપ્તિ માટે આ તમામ માર્ગોનો નિષેધ કરી આથી આગળના શ્લોકમાં **‘भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन । ज्ञातुं दृष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप’** એટલે કે પરન્તુ મારી અનન્યા ભક્તિ વડે આ પ્રકારે મને જાણવો, જોવો તથા મારામાં પ્રવેશ કરવો શક્ય છે, એમ કહી ભક્તિ વડે પોતાની પ્રાપ્તિ થઈ શકે છે તેમ જણાવ્યું. ત્યાં જે ભક્તિ વડે ભગવાનની પ્રાપ્તિ જણાવી છે તે ભક્તિ શબ્દનો અર્થ બરાબર જાણી લેવો જોઈએ. ભક્તિ શબ્દ સંસ્કૃત ભાષાનો છે અને સંસ્કૃત વ્યાકરણ અનુસાર **ભજ્** ધાતુને **ક્તિન્** પ્રત્યય લાગી **ભક્તિ** શબ્દ બને છે. **‘भज् सेवायाम्’** થી ભજ્ ધાતુનો અર્થ સેવા થાય છે અને **‘प्रकृतिप्रत्ययौ सहार्थं ब्रूतः तयोस्तु प्रत्ययार्थप्राधान्येन’** એટલે કે પ્રત્યયના અર્થની પ્રધાનતાએ પ્રકૃતિ તથા પ્રત્યયનો અર્થ સાથેના અર્થથી જ કહેવો જોઈએ એ વ્યાકરણના નિયમ અનુસાર ધાતુનો અર્થ સેવા લેતાં પ્રત્યય સહિતનો ભક્તિ શબ્દનો અર્થ પ્રેમસેવા એમ થશે. એટલે કે પ્રેમપૂર્વિકા સેવા એ ભક્તિ છે. આ ભક્તિ શબ્દમાં પ્રત્યયાર્થથી રહેલો જે પ્રેમ છે તે અવિદ્યાગ્રસ્ત અશુદ્ધ અન્તઃકરણમાં પ્રગટ થવો શક્ય નથી. તેથી જ શ્રીભાગવતના દશમ સ્કન્ધમાં ઉદ્ધવજી જણાવે છે કે **‘दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः । श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते’** અર્થાત્ દાન-વ્રત-તપ-હોમ-જપ-સ્વાધ્યાય-સંયમ વગેરે વડે તેમજ બીજા પણ વિવિધ શ્રેયો વડે કૃષ્ણમાં ભક્તિ સિદ્ધ થાય છે આ વાક્ય મુજબ જણાવેલા જેટલા પણ શ્રેયો છે તેના આચરણ વડે અન્તઃકરણમાં કૃષ્ણ

પ્રત્યેની ભક્તિ એટલે કે પ્રેમ પ્રગટે છે. આ જ વાતને બીજા શાસ્ત્રમાં **‘जन्मान्तरसहस्त्रेषु तपोध्यानसमाधिभिः । नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते’** એટલે કે હજારો જન્મોમાં તપ-ધ્યાન-સમાધિનાં આચરણ વડે જેનાં પાપો ક્ષીણ બની ગયા છે તેવા નિષ્પાપ મનુષ્યને કૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે વિશુદ્ધ પ્રેમ વિશુદ્ધ અન્તઃકરણમાં પ્રગટ પણ થાય છે અને તેવા અન્તઃકરણમાં જ સ્થિર થઈ શકે છે. જેમ ગમે તેટલું શુદ્ધતાથી બનેલું ભોજન હોય પણ તે અશુદ્ધ પાત્રમાં અથવા અશુદ્ધ - રોગગ્રસ્ત વ્યક્તિના હાથે પિરસાયેલું હોય તો તે અશુદ્ધ જ-અભોજ્ય જ ગણવામાં આવે છે. તેમ પ્રેમભાવ એ સર્વાધિક હોવા છતાં પણ અશુદ્ધ અન્તઃકરણ સાથે સંબન્ધ કરી ભાવની સાથે દોષ પણ ભળી જ જાય છે.

બીજી વાત એ છે કે ભગવાન ગીતામાં જણાવે છે કે **‘पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति, तदहं भक्त्युपहृतं अश्नामि प्रयतात्मनः’** એટલે કે જેણે પોતાના અન્તઃકરણને પોતાના વશમાં રાખ્યું છે તેવા વ્યક્તિ દ્વારા ભક્તિપૂર્વક લવાયેલા હોય અને મને પ્રેમથી અર્પણ કર્યા હોય તેવા પત્ર, પુષ્પ, ફલ, જલ વગેરેનું હું અશન કરું છું એટલે કે તેનો ભોગ કરું છું. તેવી જ રીતે શ્રીભાગવત દશમસ્કનધના સુદામા આખ્યાનના પ્રસંગમાં સુદામાને કહેતાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે **‘अण्वप्युपाहृतं भक्तैः प्रेम्णा भूर्येव मे भवेत्, भूर्यप्यभक्तोपहृतं न मे तोषाय कल्पते’ ‘જો મારો ભક્ત મને ઘણું થોડું આપે છે તો પણ મને સંતોષ થાય છે અને જો અભક્ત વ્યક્તિ મને ઘણું બધું એટલે કે પકભોગ સમાન મને આપે છે તો પણ તેનાથી મને સંતોષ થતો નથી’** આમ આ બન્ને વાક્યોમાં ભગવાન પ્રેમપૂર્વકનાં સમર્પણને જ સ્વીકારે છે તેવો ભગવાનનો સ્વભાવ છે અને ભગવત્ સેવામાં ભગવાનને જે કંઈ પણ ફળ, અન્ન, જળ, વસ્ત્ર, આભૂષણ, પાત્ર વગેરે અર્પણ કરવામાં આવે તેનો ભગવાન વડે સ્વીકાર થાય ત્યારે જ તે સેવા સેવા કહેવાય છે અને તેવી સેવાથી જ ફલરૂપા સેવા યા ભક્તિમાં પ્રવેશ થઈ શકે છે. ફલરૂપ સેવા યા ફલરૂપ ભક્તિ એટલે પ્રત્યક્ષ ભગવાનની ઉપસ્થિતિમાં ભગવાન આપણી ઈન્દ્રિયોથી જોઈ-સાંભળી શકાય તેવી સ્થિતિમાં ભગવાનની સેવા થવી છે. અર્પણ કરેલા પદાર્થો જો ભગવાન અંગીકાર ન કરે તો કરેલું બધું જ વ્યર્થ થઈ જાય છે. જેમ પ્રભુની સમક્ષ ભોજનના પદાર્થો ધરી દેવાથી તે પદાર્થો પ્રસાદ નથી બની જતા પરન્તુ તે પદાર્થોનો ભગવાન વડે ભોગ કરાતાં તે પદાર્થો પ્રસાદ કહેવાય છે અને તેવો પ્રસાદ જ શ્રીકૃષ્ણ પ્રતિ શ્રીઉદ્ધવજીના કહ્યા મુજબ **‘त्वयोपभुक्तस्त्रग्गन्धवासोऽलंकारचर्चिताः, उच्छिष्टभोजिनो दासाः तव मायां जयेमहि’** અર્થાત્ તમારા દ્વારા ભોગ કરાયેલ પુષ્પ, ગન્ધ, વસ્ત્ર, અલંકાર, ચન્દન વગેરે જે તમારા ઉચ્છિષ્ટ પદાર્થો છે તેનો જ ભોગ કરનારા તમારા દાસો તમારી માયાને જીતી લે છે. તેથી ભગવદ્ ઉચ્છિષ્ટનો જ ભોગ માયા જીતવામાં કે તરવામાં ઉપાય છે. ગીતા-ભાગવતની આ વાતોને વિચારતાં તથા શ્રીબાદરાયણ વ્યાસે બ્રહ્મસૂત્રોમાં **‘मुक्तोपसृप्यव्यपदेशात्’** આ સૂત્રમાં નિર્દોષ લોકો વડે જ ભગવાન સેવ્ય હોવાથી સેવા માટે કોઈક એવો ઉપાય જરૂરી છે કે જેથી દોષો રહિત જીવ બની શકે અથવા તો જે દોષો છે તે સેવામાં પ્રતિબન્ધ કરવા સમર્થ ન રહે. તદુપરાન્ત શાસ્ત્રોમાં ભક્તિને પણ અનેક સ્વરૂપમાં વર્ણિત કરવામાં આવી છે. શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કન્ધમાં માતા દેવહુતિને ઉપદેશ આપતાં ભગવાન શ્રીકપિલદેવજી જણાવે છે - **‘भक्तियोगो बहुविधो मार्गैर्भामिनि भाव्यते’** આમાં જે ભક્તિ ભગવત્ પ્રાપ્તિમાં નિમિત્ત બનેલી છે તે ભક્તિનો ઉદય અતિ દીર્ઘકાલ પશ્ચાત્ અન્તઃકરણ શુદ્ધિના અનન્તર થાય છે અને એમાં ભગવત્ પ્રાપ્તિ તો થાય છે કિન્તુ એનાથી મુખ્ય ફલની સિદ્ધિ તો નથી જ થતી.

અહીં કોઈક જાણકાર એવો પ્રશ્ન ઉઠાવી શકે છે કે શ્રીભાગવતના છઠ્ઠા સ્કન્ધના આરંભે શ્રીશુકદેવજી પરિક્ષિત રાજાને કહે છે - **‘केचित् केवलया भक्त्या वासुदेवपरायणाः, अघं धुन्वन्ति कात्स्न्र्येन नीहारमिव भास्करः’** અર્થાત્ - સૂર્ય ઉદય થતાં જ ધુમ્મસનો નાશ થઈ જાય છે તેમ કેટલાક

ભગવાન વાસુદેવમાં પરાયણ થયેલા લોકો કેવલ ભક્તિ વડે પોતાનાં સમસ્ત પાપોને ધોઈ નાંખે છે. આ શુકદેવજીના વચનમાં ભક્તિ દ્વારા પણ બધા જ દોષોનું નિવારણ થવું શક્ય છે તો પછી તે દોષોને દૂર કરવા બ્રહ્મસમ્બન્ધ કરીને ત્યારપછી ભક્તિનો આરંભ કરવાનુ કહેવામાં આવે છે તેનું શું પ્રયોજન ? તો એના ઉત્તરમાં આ શ્લોકમાં જે સર્વ પાપોથી મુક્ત કરનાર ભક્તિ કહી છે તે ભક્તિનું સ્વરૂપ આથી આગળના-આ પછીના શ્લોકમાં બતાવ્યું છે - ત્યાં **‘न तथा ह्यघवान् राजन् पूयेत तप आदिभिः, यथा कृष्णार्पितप्राण–स्तत्पूरुषनिषेवया’** એટલે કે - હે રાજન્ ! યમ -નિયમ-પ્રાયશ્ચિત્ત વગેરે ઉપાયોથી મનુષ્ય જેટલો પવિત્ર થતો નથી જેટલો કે તે ભગવાનને જેણે પોતાના પ્રાણો વગેરે અર્પણ કરેલા છે. તેવા ભક્તોની સેવાથી પવિત્ર થઈ શકે છે. આ વાક્યમાં **‘कृष्णार्पित प्राण’** શબ્દથી બ્રહ્મસંબન્ધનો જ નિર્દેશ થયેલો છે. તેથી સર્વ દોષોની નિવૃત્તિ એ માત્ર ભગવત્ સમ્બન્ધથી જ થવી શક્ય છે. જેમ સર્વ પ્રકારે દોષવાળું જળ તેનો ગંગામાં પ્રવેશ થયા પછી તે દોષરહિત બની જાય છે, એટલું જ નહીં અપિતુ ગંગારૂપ પણ બની જાય છે તેમજ તે જળમાં પણ ગંગા સમાન જ પાવન કરવાની શક્તિ આવી જાય છે તેમ અનેક દોષોવાળો જીવ પણ જ્યારે સર્વથા નિર્દોષ એવા પ્રભુ સાથે નિવેદન પ્રકારની પદ્ધતિ વડે સમ્બન્ધ પ્રાપ્ત કરે છે ત્યારે તે જીવ પણ સર્વદોષ રહિત બની રહી ભક્તિ-સેવા કરવા યોગ્ય બને છે. આપણે જોઈ ગયા તે ગંગાનાં દૃષ્ટાન્તમાં પણ જે ગંગાનું પવિત્ર કરી શકવાની શક્તિનું માહાત્મ્ય બતાવવામાં આવ્યું છે તે પણ ગંગા ભગવાનના ચરણ સંબન્ધવાળી હોવાથી કહેવામાં આવ્યું છે. ગંગાનો પ્રાદુર્ભાવ ભગવાનના વામન અવતારના સમયમાં ત્રિભુવનને માપવા પ્રભુએ બલિરાજાના સમક્ષ વિરાટ્ સ્વરૂપ ધારણ કરીને પોતાનું એક ચરણ ઉપરના તરફ ઉઠાવ્યું ત્યારે તે ચરણારવિન્દનું બ્રહ્માજીએ સાતમો લોક સત્યલોકમાં પૂજન કર્યું તે વખતે તે ચરણના અંગુષ્ઠમાંથી ગંગાનો પ્રાદુર્ભાવ થયો એમ પુરાણોથી જાણી શકાય છે. તેથી ભગવાનના ચરણસંબન્ધ થકી જ ગંગામાં સર્વ ભુવન પવિત્ર કરવાની શક્તિ છે. અતઃ ભક્તિમાર્ગમાં ફક્ત ભગવત્ સમ્બન્ધ જ સર્વ દોષોને નિવૃત્ત કરવાનું સાધન છે. આ પ્રકારે સર્વ દોષોનો એટલે કે સેવામાં પ્રતિબન્ધ કરનારા જે દોષ છે તેનું નિવારણ કરનાર જે ભગવત્ સંબન્ધ છે એટલે કે પોતાના આત્મા સહિત પોતાના કહેવાતા સર્વ પદાર્થો પ્રભુને નિવેદન કરવાના સ્વરૂપનો જે સમ્બન્ધ છે તે સમ્બન્ધરૂપ સંસ્કાર દ્વારા ભક્તિમાર્ગમાં પ્રવેશ કરીને શ્રીઆચાર્યચરણે ઉપદેશેલ તનુ-વિત્તજા સેવામાં સમ્બન્ધ શબ્દની વ્યાખ્યામાં આવતા અથવા નિવેદન કરવાના રૂપમાં કહેલા સર્વ પદાર્થોની ભગવત્સેવામાં યોજના કરવી અને તે પછી ષોડશ ગ્રન્થોમાં જુદા-જુદા સ્થળે જુદા-જુદા શબ્દોમાં ઉપદિષ્ટ બધા જ આવશ્યક નિયમોનું આચરણ-પાલન કરાતાં ભગવત્ કૃપા વડે નિશ્ચિત જ ભગવત્ પ્રાપ્તિ થવામાં મુખ્ય કારણરૂપ એવી જે ફલરૂપા માનસી ભક્તિ છે તે ભક્તિનું પ્રભુ દાન કરે છે તેમાં કોઈ પણ સંશય નથી.

આ પ્રકારે આ બધાં પ્રમાણોથી એમ પ્રમાણિત થાય છે કે કોઈ પણ માર્ગે અથવા કોઈ પણ સમ્પ્રદાયની પદ્ધતિ દ્વારા ભગવત્ પ્રાપ્તિનો પ્રયત્ન કરવામાં આવે તો પણ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ કે જેમના માટે ગીતામાં **‘उत्तमः पुरुषस्त्वन्यः’ ‘अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः’ ‘पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया’** વગેરે શબ્દોમાં પ્રતિપાદન થયું છે તે પરમાત્મા અથવા તૈત્તિરીય ઉપનિષદ્‌ના ફલ પ્રકરણના આરંભમાં **‘ब्रह्मविदाप्नोति परम्’** આ વાક્યમાં **पर** શબ્દથી જેની અભિવ્યક્તિ છે કે જેને આ જ પ્રકરણમાં આગળ **‘रसो वै सः’** અહીં જેને રસરૂપે વર્ણવ્યા છે અથવા **‘स आनन्दमयमात्मानं उपसंक्रामति’** આ ઉપનિષદ્ વાક્યમાં પ્રાપ્તિના પ્રકારમાં ઉપસંક્રમણ શબ્દથી પ્રાપ્ત કરવા યોગ્ય અથવા ભજનીય સ્વરૂપમાં જે આનન્દમય શબ્દથી ઉપદેશ કરાયેલ છે તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ એકમાત્ર ભક્તિથી જ શક્ય છે આ વાત સર્વ વેદ વગેરે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. આ ભક્તિની અન્તઃકરણમાં સિદ્ધિ ભગવત્સંબન્ધ વિના સર્વથા શક્ય નથી. અતઃ ભગવત્ પ્રાપ્તિમાં બ્રહ્મસમ્બન્ધ સર્વથા અનિવાર્યરૂપે અપેક્ષિત

છે એ નિર્વિવાદ સિદ્ધ છે.

હવે આ ભગવત્ સંબન્ધ કયા પ્રકારે થઈ શકે એ બાબતમાં જે લોકોને શ્રીવલ્લભાચાર્યચરણની વાણી ઉપર વિશ્વાસ છે એમણે શ્રીવલ્લભાચાર્યચરણ પ્રકટિત સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થના આરંભના બે શ્લોકો સ્મરણમાં રાખવા જોઈએ કે એક તો **‘साक्षाद् भगवता प्रोक्तं तदक्षरश उच्यते’** એટલે કે સાક્ષાત્ ભગવાને પ્રકટ થઈને મને જે કહ્યું તે અહીં અક્ષરશઃ કહેવામાં આવે છે, અને બીજો **‘ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः, सर्वदोषनिवृत्तिः’** એટલે કે બ્રહ્મસંબન્ધ કરવાથી બધાના દેહ અને જીવના સર્વ દોષો નિવૃત્ત થાય છે, આ વાક્યોને યથાર્થરૂપમાં હૃદયંગમ કરવા જોઈએ, જેમાંથી એક તો એ કે આ પંચાક્ષર સહિતનો ગદ્યમંત્ર સ્વયં શ્રીપ્રભુએ પોતાના શ્રીમુખે કહેલો છે અને બીજું એ કે કલિકાલ થકી ઉત્પન્ન થનારા દોષોના વચમાં ફસાઈ પડેલા દૈવી જીવોના ઉદ્ધાર અર્થે સ્વયં શ્રીપ્રભુએ જ આ આશ્વાસન આપ્યું છે કે શ્રીઆચાર્યચરણના માધ્યમથી જેને પણ સંસ્કારરૂપમાં આ મંત્રનું દાન કરવામાં આવશે એના સેવામાં પ્રતિબન્ધ કરનારા સર્વ દોષો ભગવદ્ ઈચ્છા અને ભગવદ્ અનુગ્રહથી નિવૃત્ત થઈ જશે અને કરુણા-ભક્તવત્સલતા વગેરે અલૌકિક પોતાના નિજધર્મો દ્વારા પ્રભુ તેનો અંગીકાર કરશે.

આ પ્રમાણે ત્રીજા પ્રશ્નના ઉત્તરનો સારાંશ **‘બ્રહ્મસમ્બન્ધથી જ ભગવત્ પ્રાપ્તિ શક્ય છે’** એમ સિદ્ધાન્ત પ્રસ્થાપિત થાય છે.

પ્રશ્ન–૪ – બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેનારને શું નિશ્ચિત જ ભગવત્ પ્રાપ્તિ થાય છે ?

આ પ્રશ્નને વધુ સ્પષ્ટતાથી પૂછવામાં આવે તો આ પ્રકારે પૂછી શકાય છે કે ‘બ્રહ્મસમ્બન્ધ સર્વદા, સર્વત્ર અને સર્વને ફલ પ્રદાન કરનાર છે કે પછી ક્યારેક ક્યાંક કોઈને માટે ફલ પ્રાપ્તિ થવામાં શંકા રહે છે ?

આ પ્રશ્નના ઉત્તર માટે આપણે શ્રીવલ્લભાચાર્યજી વિરચિત નવરત્ન ગ્રન્થને તપાસવો પડશે. ગ્રન્થના આરંભમાં જ શ્રીવલ્લભાચાર્યજીનો આશ્રય રાખીને પુષ્ટિ પુરુષોત્તમની સેવામાં પરાયણ થયેલા એવા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને સેવા કરવાના વિષયમાં થનારી અલૌકિક બાબતની ચિન્તાના નિવારણ અર્થે પુષ્ટિસિદ્ધાન્તનો ઉપદેશ કર્યો છે કે **‘चिन्ता काऽपि न कार्या निवेदितात्मभिः कदापीति, भगवानपि पुष्टिस्थः न करिष्यति लौकिकीं च गतिम्’** અર્થાત્ ભગવાનને નિવેદન કરેલા અને તેવી બુદ્ધિવાળા લોકોએ કોઈ પણ પ્રકારની અને ક્યારેય પણ ચિન્તા કરવી નહીં, કારણ કે ભગવાન પણ પુષ્ટિમાં બિરાજે છે તેથી તેઓ ક્યારેય લૌકિકી કે વૈદિકી ગતિ કરશે નહીં. આ વાક્ય મુજબ આત્મનિવેદન કરનારનો પ્રભુ ભક્તિમાર્ગમાં નિશ્ચિત જ સ્વીકાર કરે છે. **‘कामाद् द्वेषाद् भयात् स्नेहात् यथा भक्त्येश्वरे मनः, आवेश्य तदघं हित्वा बहवस्तद् गतिं गताः’** એટલે કે જેમ ભક્તિ વડે ઈશ્વરમાં મનનો પ્રવેશ કરાવાય છે તેમ કામથી, દ્વેષથી, ભયથી, સ્નેહથી ઈશ્વરમાં મનનો નિવેશ કરાવી પોતાનાં પાપોને દૂર કરી ઘણાં લોકો ભગવદ્ ગતિને પામ્યા છે. શ્રીભાગવત સપ્તમ સ્કન્ધના નારદજીના આ વાક્યથી પરમ કારુણિક પ્રભુ ભક્તિમાર્ગમાં પોતાના સમ્બન્ધી ભાવમાત્રથી જ જીવને સર્વ દોષ દૂર કરનાર બની એને પોતાનાં ચરણના આશ્રયવાળી ઉત્તમ ગતિનું દાન કરે છે તો પછી સારી રીતે આત્મનિવેદન કરનારને ભગવત્ પ્રાપ્તિ થાય તે બાબતમાં લેશમાત્ર પણ શંકા કરવાને અવકાશ જ ક્યાં છે ? જેમ લૌકિકમાં જાણીને અથવા અજાણતામાં કોઈ પણ પ્રકારે અગ્નિનો સ્પર્શ થાય તો તે દઝાડે જ છે, ત્યાં અજાણતાં અગ્નિનો સ્પર્શ થઈ જાય તો તેને અગ્નિનો શીતલ અનુભવ થતો નથી, કારણ કે સ્વભાવથી જ અગ્નિનો સ્પર્શ દાહક હોય છે. તેમજ જેમ પ્રકાશનો સ્વભાવ જ છે કે અન્ધકારને દૂર કરવો, તે જ પ્રકારે ભગવત્ સમ્બન્ધનો એ સ્વભાવ જ છે કે સમ્બન્ધમાં આવનાર જીવના સર્વ દોષો બાળી નાખવા અથવા જીવની સર્વ પ્રકારની અવિદ્યા દૂર કરવી. જેમ પહેલાં આપણે વિચારી ગયા છીએ કે જેમ ગંગા પોતાનામાં પ્રવેશ

થવારૂપ સમ્બન્ધ પ્રાપ્ત કરેલ દૂષિત જલને પણ ગંગારૂપ બનાવી દે છે, તે જ રીતે જીવ જ્યારે કોઈ પણ રીતે ભગવત્ સમ્બન્ધ પ્રાપ્ત કરે છે ત્યારે તે સમ્બન્ધથી જીવને ભગવત્તત્ત્વનો લાભ થાય છે, એટલે કે તે જીવ ઐશ્વર્ય-વીર્ય વગેરે ભગવાનના છ ધર્મોથી યુક્ત થાય છે. તેથી જ શ્રીવલ્લભાચાર્યચરણ નવરત્ન ગ્રન્થમાં જણાવે છે કે **‘अज्ञानादथवा ज्ञानात् कृतमात्मविदनम्, यैः कृष्णसात्कृतप्राणैः तेषां का परिदेवना’** અજ્ઞાનતાથી એટલે કે ગુરુનું સ્વરૂપ, પ્રભુનું સ્વરૂપ અને નિવેદનનું સ્વરૂપ જાણ્યા વિના આત્મનિવેદન કરનારો, જ્ઞાનપૂર્વક - જાણીને આત્મનિવેદન કરનારો અને પોતાના પ્રાણો વગેરેને કૃષ્ણસાત્ કરીને આત્મનિવેદન કરનારો એમ ત્રણે પ્રકારના અધિકારીઓ દ્વારા પોતાના અધિકાર અનુસાર શ્રીવલ્લભાચાર્યજીએ કહેલા પ્રકારે કરવામાં આવેલા આત્મનિવેદનથી ભગવાન તેઓનો અંગીકાર અવશ્યમેવ કરે જ છે. યદ્યપિ આમાં અનુક્રમે હીન, મધ્યમ અને ઉત્તમ એમ ત્રણ ભેદ જરૂર છે પરન્તુ આ ભેદોને કારણે તેમનો અંગીકાર થવામાં કે કરવામાં કોઈ બાધા કે રુકાવટ આવતી નથી. જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ વગેરે માર્ગોમાં વિધિ, નિષેધ, જ્ઞાન વગેર વિષયોનો વિચાર સાપેક્ષ્યરૂપે કરવામાં આવે છે પરન્તુ ભક્તિમાર્ગમાં તેમ નથી. આજ વાત શ્રીભાગવતના એકાદશ સ્કન્ધમાં કહેવાઈ છે કે **‘ज्ञात्वाऽज्ञात्वाथ ये वै मां यावान् यश्चास्मि यादृशः, भजन्त्यनन्यभावेन ते मे भक्ततमा मताः’** એટલે કે હું જેટલો છું, જે છું અને જેવો છું તે જાણીને અથવા નહીં જાણીને જે મને અનન્યભાવે ભજે છે તે મને ભજનારાઓમાં શ્રેષ્ઠ માનેલા છે. આ ભગવાનનાં વાક્ય દ્વારા જાણીને અથવા નહીં જાણીને પણ ભક્તિ કરનારા ભક્તને ભક્તોમાં શ્રેષ્ઠ ગણેલા છે તેમ કહીને જાણનાર અને નહીં જાણનાર બન્ને પ્રકારના ભક્તોનો ઉત્કર્ષ પ્રતિપાદન થયેલો છે. આ પ્રમાણે એકાદશ સ્કન્ધનાં વાક્યને અને સપ્તમ સ્કન્ધના નારદજીનાં વાક્યને દૃષ્ટિ સામે રાખતાં ભક્તિમાર્ગમાં ભગવાન વડે અંગીકારની રીતમાં એકવાક્યતા જોવામાં આવે છે. એકાદશ સ્કન્ધ અને સપ્તમ સ્કન્ધના આ બન્ને વાક્યોમાં પણ ભજનમાં ઉપયોગી એવો અનન્યભાવ સ્વરૂપનો ભગવત્ સમ્બન્ધ અથવા મનોનિવેશનરૂપ ભગવત્ સમ્બનધની જ મુખ્યતા છે. અતઃ **‘अज्ञानात्’** અથવા **‘अज्ञात्वा’** અથવા **‘कामाद् द्वेषाद्’** વગેરે વાક્યો દ્વારા પ્રતિપાદન થયેલ હીનાધિકારીઓમાં પણ ભગવત્ પ્રાપ્તિની વિમુખતા તો નથી જ. તેથી જ નવરત્ન ગ્રન્થમાં કહેવાયેલ ત્રણે પ્રકારના અધિકારીઓના વિષયમાં એ જ શ્લોકની ટીકામાં ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી લખે છે કે **‘भगवतः सर्वरूपत्वेन मार्गप्रवर्तकोपदेशकगुर्वादिरूपताया निरवधिसच्चिदानन्दस्वरूप–त्वेन परमफलताया निरुपधिभक्त्येकप्राप्यतायाश्च अज्ञानाद् हीनाधिकारिभिः । तादृशज्ञानवत्त्वेऽपि कृष्णसात्कृतत्वाभावेन मध्यमाधिकारिभिरित्यर्थः । शेषं व्याख्यानं तु स्पष्टार्थम्’** અર્થાત્ - ભગવાન સર્વ રૂપ હોવાના કારણે માર્ગનું પ્રવર્તન કરનાર ઉપદેશ આપનાર ગુરુ વગેરે રૂપનો, ભગવાન અવધિરહિત સચ્ચિદાનન્દ રૂપે પરમ ફલનો અને ભગવાન કોઈ પણ પ્રકારની ઉપાધિ વિનાની એક માત્ર ભક્તિથી જ પ્રાપ્ત થઈ શકે છે તેના અજ્ઞાન થકી હીનાધિકારી વડે કરાયેલ આત્મનિવેદનનો, તેમજ તેવા જ્ઞાનવાળો હોઈને પણ જેણે પોતાના પ્રાણ વગેરે કૃષ્ણસાત્ નથી કર્યા તેવા મધ્યમાધિકારી વડે કરાયેલ આત્મનિવેદનનો પ્રભુ અંગીકાર કરે છે, તો પછી પોતાના પ્રાણ વગેરે કૃષ્ણસાત્ કર્યા છે તેવા ઉત્તમાધિકારી વડે કરાયેલ આત્મનિવેદનનો પ્રભુ શા માટે અંગીકાર નહીં કરે.

આ બાબતને હજુ પણ વધુ સ્પષ્ટતાથી નિવેદન વિચાર નામના સ્વલિખિત લેખમાં શ્રીલાલુભટ્ટજી લખે છે - **‘तथा च आत्मनो जीवस्य देहेन दाराऽऽदिभिः सह भगवत्सेवोपयोगिकरणमात्मनिवेदनम् । तच्च त्रिविधम् । तत्र कृष्णसात्कृतप्राणैर्यदात्मनिवेदनं तदुत्तमम् । भगवत्स्वरूप–स्वस्वरूप–निवदेनस्वरूप–ज्ञानपूर्वकमात्मनिवेदनं तन्मध्यमम् । प्रेमज्ञानोभयराहित्येन केवलं पुष्टिमार्गीय गुरुमुखोद्–गतसगद्यपंचाक्षरमंत्रोच्चारणमात्मनिवेदनं तृतीयम् । एवं त्रिप्रकारके**

निवेदने यदुत्तमं तत्प्रेमोत्पत्तिपश्चाद्भावि। द्वितीयं पुष्टिमार्गीयग्रन्थाध्ययनगुरुरुपदेशजन्यज्ञानानन्तरोत्पत्तिकम् । तृतीयं तु केवलं पुष्टिमार्गीयगुरुमुखोत्थसगद्यपंचाक्षरमंत्रोपदेशोत्तरभावि। एवं त्रिप्रकारकनिवेदनस्य प्रयोजनं भगवत्सेवा । तया कृतार्थत्वम् ।'

અર્થાત્ - આત્મનિવેદનમાં આવેલ આત્મા એટલે જીવને પોતાના દેહ, સ્ત્રી વગેરે સહિત બધાને ભગવાનની સેવામાં ઉપયોગી કરવા એ આત્મનિવેદન છે, તે આત્મનિવેદન ત્રણ પ્રકારનું છે. પોતાના પ્રાણોને કૃષ્ણસાત્ કરેલાઓ દ્વારા કરાતું આત્મનિવેદન એ ઉત્તમ છે. ભગવત્સ્વરૂપ, પોતાનું સ્વરૂપ અને નિવેદનનું સ્વરૂપના જ્ઞાનપૂર્વક કરાતું આત્મનિવેદન એ મધ્યમ છે અને પ્રેમ તથા જ્ઞાન બન્ને વિના કેવલ પુષ્ટિમાર્ગીય ગુરુના મુખથી ઉચ્ચારિત ગદ્યસહિત પંચાક્ષર મંત્રનું પોતાના મુખે ઉચ્ચારણ કરવાના સ્વરૂપનું કરાતું આત્મનિવેદન એ ત્રીજો પ્રકાર છે. આ પ્રકારે ત્રણ પ્રકારના નિવેદનમાં જે ઉત્તમ પ્રકારનું છે તે ભગવાનમાં પ્રેમ થયા પછી કરાતું આત્મનિવેદન છે, બીજા પ્રકારનું એટલે કે મધ્યમ પ્રકારનું છે તેમાં પુષ્ટિમાર્ગીય ગ્રન્થોનું અવલોકન, તેનું અધ્યયન તેમજ ગુરુના ઉપદેશથી જ્ઞાન થયા પછી કરાતું આત્મનિવેદન છે અને ત્રીજું છે તે કેવલ પુષ્ટિમાર્ગીય ગુરુના મુખથી ઉચ્ચારાયેલ ગદ્યસહિત પંચાક્ષરમંત્રના ઉપદેશ પછી અથવા થકી થનારું આત્મનિવેદન છે. આ પ્રમાણે ત્રણે પ્રકારનાં નિવેદનોનું જે પ્રયોજન છે તે ભગવાનની સેવા કરવી જ છે અને તે સેવા કર્યાથી કૃતાર્થતા થવી છે.

નવરત્ન ગ્રન્થમાં **'कृष्णसात्कृतप्राणैः'** વાકયથી જે ઉત્તમાધિકારીના આત્મનિવેદનનો પ્રકાર બતાવ્યો છે તે પ્રકારનું આત્મનિવેદન અતિશય દુર્લભ છે. આ ઉત્તમ પ્રકારનું આત્મનિવેદન શુદ્ધ પુષ્ટિભક્તિના અધિકારી લોકોમાં જ જોવા મળે છે. આ જ ઉત્તમ પ્રકાર શ્રીભાગવતના રાસપંચાધ્યાયીમાં શ્રીગોપીજનોના વચનમાં પ્રાપ્ત છે - **'तन्नः प्रसीद वृजिनार्दन तेऽङ्घ्रिमूल–**

प्राप्ता विसृज्य वसतीस्त्वदुपासनाशाः, त्वत्सुन्दरस्मितनिरीक्षणतीव्रकामतप्तात्मनां पुरुषभूषण देहि दास्यम्' અર્થાત્ - આપની સેવા કરવાની ઉત્કટ ઈચ્છાવશ સર્વ ગૃહસ્થાશ્રમ વગેરેનો ત્યાગ કરીને આપનાં ચરણમૂલને અમે પ્રાપ્ત થયા છીએ. તેથી જ આપની સેવાને યોગ્ય એવાં બન્ને કારણો અમારામાં સિદ્ધ છે, એક તો એ કે સર્વ દોષ રહિત થવું અને બીજું કે આપે જ આપેલ અને આપના સમ્બન્ધવાળો એવો જે તીવ્રકામ તેનાથી તપી ગયેલું અન્તઃકરણ હોવું એટલે કે ભગવત્ તાપવાળું અન્તઃકરણ હોવું. આપને જેવું પ્રિય છે તે પ્રકારનું સમર્પણ અમે કરી ચૂક્યા છીએ તેથી આપનું પ્રિય સમર્પણ કરી ચૂકેલા એવા અમે નિવેદિતોને આપનું સ્વરૂપાત્મક, સેવનરૂપ જે દાસ્ય છે તે આપ કૃપા કરી પ્રદાન કરો.

મધ્યમ અધિકારીનો જે મધ્યમ પ્રકાર છે તે પ્રેમ રહિત માત્ર જ્ઞાનપૂર્વકનું આત્મનિવેદન છે. આ પ્રકારમાં જ્યારે તે જાણીને પછી આત્મનિવેદન કરે છે ત્યારે તે પ્રકારના આત્મનિવેદનમાં જ્ઞાન અપ્રધાન રૂપે હોય છે. એમાં મુખ્ય પ્રધાનતા ભક્તિની જ હોવાથી તે નિવેદન કર્યા પછી અન્યનિષ્ઠા ત્યાગી અને સેવાનિષ્ઠ બની રહી ભગવત્સેવામાં પરાયણ થઈ જાય છે ત્યારે સેવા કરતાં તેના હૃદયમાં પ્રેમનો આવિર્ભાવ થાય છે.

ત્રીજા અધિકારીના પ્રકારમાં ભગવત્સ્વરૂપનું તથા પોતાના વડે કરાતા નિવેદનનું સ્વરૂપ જાણ્યા વિના જ માત્ર ગુરુના મુખે ઉપદેશપૂર્વક ગદ્યસહિત પંચાક્ષરમંત્રનું કંઠથી ઉચ્ચારણ કર્યા માત્રથી કરાતો આત્મનિવેદનરૂપ સમ્બન્ધ સંસ્કાર પણ નિષ્ફલ તો નથી જ હોતો. ત્રીજા પ્રકારના અધિકારીને પણ સમ્બન્ધની પ્રાપ્તિ તો અવશ્યમેવ થાય જ છે. જે ગ્રહો વગેરેની બાધાને લઈને અથવા બીજા કારણે જ્યારે નાના બાળક દ્વારા એના પિતા દાન કરાવે છે ત્યારે **'दातुमहमुत्सृजे'** વગેરે વાક્યોવાળા સંકલ્પમંત્રનું બાળક દ્વારા ઉચ્ચારણ કરાવવામાં આવે છે, ત્યારે તે વખતે તે બાળક દાનનો પ્રકાર, અથવા દાનનું

ફલ, અથવા મંત્ર દ્વારા ઉચ્ચારણ કરાયેલા શબ્દોના અર્થજ્ઞાનથી અજ્ઞાત હોવા છતાં પણ કંઠથી ઉચ્ચારણ કર્યા માત્રથી તે દાનનું ફળ મેળવવાનો હકદાર બને છે, તે જ પ્રકારે ભગવત્ સમ્બન્ધી જ્ઞાન વિના પણ માત્ર પરમ્પરાથી અથવા બાલ્ય વગેરે અવસ્થામાં પણ કરાયેલ બ્રહ્મસંબન્ધ કાલાન્તરમાં પણ ભગવત્ પ્રાપ્તિરૂપ ફલની પ્રાપ્તિ નિશ્ચિત જ કરાવે છે. લૌકિકમાં પણ જો વિચારવામાં આવે તો માનસ સિદ્ધાન્તશાસ્ત્રમાં પણ જે બાબતનો મનઃ સંસ્કાર આજે થાય છે તેનું પ્રત્યક્ષ પરિણામ સમીપના કાળમાં અથવા લાંબા ગાળે પછીથી પણ થતું જોવામાં આવે છે તેમજ આધુનિક વિજ્ઞાનમાં પણ આનુવંશિકતાના સિદ્ધાન્તમાં બે અથવા ત્રણ પેઢી પર્યન્ત જે નથી જોવામાં આવ્યું તે તે પછીની પેઢીઓમાં પણ આનુવંશિક ગુણ થયેલો જોઈ શકાય છે. ચોથી અથવા પાંચમી પેઢીમાં જન્મ લેનારાઓમાં પણ ચાર-પાંચ પેઢી પહેલાનાં પૂર્વજોની આકૃતિ ગ્રહણ કરે છે. ત્યાં પણ આનુવંશિક રૂપ સંસ્કારબીજનો લોપ નથી થતો. તેથી જ શ્રીપ્રભુચરણ વિરચિત **‘भावैरङ्कुरितम्’**ની ટીકામાં શ્રીહરિરાય મહાપ્રભુ અવસ્થાના સાત ભેદ બતાવે છે કે **‘भावः प्रेमः प्रणयः स्नेहः राग–अनुराग–व्यसनानि’** આમાં બીજરૂપ ભાવની જ અત્યન્ત ઉત્તર અવસ્થા વ્યસનદશા કહેવાઈ છે. અહીં એક સ્પષ્ટતા કરી લેવી જરૂરી લાગે છે કે ભૂમિમાં રહેલ બીજ દોષોના કારણે તેનો નાશ પણ થઈ શકે છે જ્યારે આ બીજ ભગવત્ સંબન્ધી અલૌકિક હોવાથી તેમજ કાલાતીત હોવાથી આનો કાલગ્રાસ રૂપે વિનાશ નથી થતો. તેથી અનેક દોષોથી ભરપૂર એવા દેહ-ઈન્દ્રિય સહિત અન્તઃકરણમાં તે બીજરૂપે વિદ્યમાન રહે છે અને ભગવાનની કૃપા થતાં ભગવદિચ્છાએ ભગવદિચ્છાના કાળમાં એટલે કે ભગવાને વિચારેલા નક્કી કરેલા કાલમાં તે અંકુરિત થાય છે. જે પ્રકારે તે બીજની અલૌકિકતા છે તે જ પ્રકારે બ્રહ્મસંબન્ધરૂપ સંસ્કારની પણ અલૌકિકતા હોવાથી અને ભગવત્ સંબન્ધી સર્વ કાર્યો કદાપિ વિનાશ થવા કે બન્ધન કરવા માટેના નથી હોતાં અતઃ આનું પરિણામ અલૌકિક જ સંભવી શકે છે. આ પ્રકારે આ બધી બાબતોનો વિચાર કરતાં એમ નિશ્ચય

થાય છે કે બ્રહ્મસમ્બન્ધ પ્રાપ્ત કરનારની નક્કી જ અલૌકિક ગતિ થાય છે. એની લૌકિક ગતિ સર્વથા થતી નથી.

પ્રશ્ન–૫ બ્રહ્મસમ્બન્ધ મંત્ર વેદતુલ્ય હોઈને પણ શું કારણ છે કે સ્ત્રીઓને વેદમાં અનધિકાર હોઈને પણ આ મંત્રની દીક્ષા લેવાનો અધિકાર સ્ત્રીઓને પણ આપવામાં આવ્યો છે ?

‘स्त्रीशूद्रद्विजबन्धूनां त्रयी न श्रुतिगोचरा’ વગેરે વાક્યોથી સ્ત્રીઓને વેદમાં અનધિકાર છે. તેથી જ ધર્મશાસ્ત્રોમાં સ્ત્રીઓને પુરુષ વિના સ્વતઃ કર્મ કરવાની આજ્ઞા આપવામાં આવી નથી. તેથી જ વૈદિકી પ્રક્રિયા અનુસાર સ્ત્રી શરીર પુરુષાર્થસાધક નથી થઈ શકતું. માનવયોનિમાં સ્ત્રીશરીર દ્વારા જે કંઈ પણ દાન-પુણ્ય વગેરે સત્કાર્યો કરવામાં આવે છે તેનું સર્વોત્તમ ફળ બીજા જન્મોમાં પુરુષાર્થને સાધનારો અધિકારી દેહ સમ્પાદન થવો છે. પરન્તુ ભક્તિમાર્ગ બધા જ માર્ગોથી વિલક્ષણ અને વિશિષ્ટ હોવાથી આ માર્ગમાં આ સિદ્ધાન્ત લાગુ થતો નથી. બીજા માર્ગોમાં પ્રભુએ મર્યાદાબલ પ્રકટ કર્યું છે જ્યારે આ માર્ગમાં પ્રભુએ પોતાનો વિશેષ કૃપાધર્મ પ્રકટ કરેલો છે તેથી આ ભક્તિરૂપ બલ એ મર્યાદા બલનું ઉપમર્દન કરનાર છે. આ જ કારણે ભાગવત-ગીતા વગેરે ભક્તિશાસ્ત્રોમાં મર્યાદાબલનું ઉપમર્દન કરતાં વાક્યો શ્રવણ કરવા પ્રાપ્ત થાય છે કે - ગીતામાં **‘स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम्’ ‘अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्, साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः’** તેવી જ રીતે ભાગવતમાં **‘अहो बत श्वपचोऽतो गरीयान् यज्जिह्वाग्रे वर्तते नाम तुभ्यम्’ ‘किरात–हूणान्ध्रपुलिन्दपुल्कसा आभीरकङ्काः यवनाः खसादयः, येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः शुद्ध्यन्ति तस्मै प्रभविष्णवे नमः’** તથા **‘केवलेन हि भावने गोप्यो गावो खगा मृगाः’** આ પ્રમાણે આવાં અનેક

વાક્યોથી ભક્તિમાર્ગની વિલક્ષણતા પ્રતિપાદન કરવામાં આવી છે. અતઃ યોનિ, દેહ, જ્ઞાતિ, વય વગેરે સમ્બન્ધી મર્યાદાઓ ભકિતમાર્ગના અધિકારમાં સર્વથા અનુપયોગી છે. ભક્તિમાર્ગના અધિકારમાં પ્રથમ ભગવાનનો અનુગ્રહ અને તે પછી જીવમાં ભગવાનની ભક્તિ કરવાની તીવ્ર ઈચ્છા આ બે જ યોગ્યતા આવશ્યક છે. પછી ભલે તે કોઈ પણ દેહ, કોઈ પણ યોનિ કે કોઈ પણ જ્ઞાતિનો અથવા તેણે ચાહે પૂર્વમાં કેટલાંએ અધમ કૃત્યો કર્યા હોય તેનું ભક્તિમાર્ગમાં કોઈ પણ પ્રકારનું મહત્ત્વ નથી. તેથી જ રામાયણમાં મર્યાદાપુરુષોત્તમ શ્રીરામના ચરિત્રમાં બે પરસ્પર વિરોધી પ્રકારના પ્રસંગો જોવા મળે છે. શ્રીરામચરિત્રમાં એક શૂદ્ર તપ કરી રહ્યો હતો તે વેદ વિરુદ્ધ હોવાથી પ્રભુએ એનો શિરચ્છેદ કર્યો અને જ્યારે એ જ શ્રીરામચન્દ્ર પ્રભુ ભકિતમાર્ગમાં બિરાજીને **‘उच्छिष्टमभोज्यम्’** એટલે કે કોઈનું એઠું નહીં ખાવું એવી મર્યાદા છે તેનું ઉલ્લંઘન કરીને શબરી જેવી સ્ત્રીના એંઠાં બોર પણ શ્રીરામ આરોગ્યા છે. જે પ્રકારે ભક્તિમાર્ગમાં જીવને માટે અહેતુકી એટલે કે કોઈ પણ પ્રકારના ફલનું અનુસંધાન કર્યા વિના જ ભક્તિનો પ્રકાર કહેવામાં આવ્યો છે તેના જ અનુરૂપ પ્રભુની જીવ ઉપર અહેતુકી કૃપાનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. તેથી ભગવાનની કૃપા થવામાં સર્વ પ્રકારના હેતુઓ નિરર્થક નિરુપયોગી હોવાના કારણે અહીં દેહ વગેરે બાબતોનો વિચાર કરવામાં નથી આવતો. તેથી દેવ, અસુર, મનુષ્ય, સ્ત્રી, પુરુષ, વૃદ્ધ, યુવાન, બાળક, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, અથવા વર્ણેતર, જ્ઞાની, અજ્ઞાની, સુકૃત, દુષ્કૃત, સાધુ, અસાધુ, બધાને જ ભગવાનની ભક્તિ કરવાનો અધિકાર પ્રભુએ પ્રદાન કરેલો છે. સાથે જ આ ભક્તિમાં જે પણ પ્રવૃત્ત થાય છે તે નિશ્ચિત જ પરાગતિને પામવાનો પણ અધિકારી બની જ જાય છે. આ પ્રમાણે ભક્તિ કરવાનો સ્ત્રીઓને પણ પૂર્ણ અધિકાર છે એમ નિશ્ચય થાય છે.

આ ઉપરાન્ત સ્ત્રી શરીરમાં રહેલા કેટલાક વિશિષ્ટ ગુણોનો ભક્તિમાં સવિશેષ ઉપયોગ હોવાથી સ્ત્રીઓને માટે ભક્તિ વિશેષરૂપે સુલભ બની જાય છે.

આ જ વાતને શ્રીવલ્લભાચાર્યજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથચરણ સ્વરચિત સાધનદીપક નામના ગ્રન્થમાં જણાવે છે કે

पुरुषापेक्षया स्त्रीणां हृदयं मृदु दृश्यते ।
अतस्तदनुरागोऽत्र सद्य एवाभिषज्यते ॥

અર્થાત્ - પુરુષોની અપેક્ષા સ્ત્રીઓનું હૃદય વધુ કોમલ જોવા મળે છે, તેથી અહીં ભક્તિમાં તેમનો અનુરાગ ખૂબ જ જલદીથી સિદ્ધ થઈ જાય છે. આ જ વાત વાત્સાયન સૂત્રમાં પણ થોડા શબ્દોના ફેરફારે કહેવાઈ છે.

બ્રહ્મસંબન્ધ મંત્ર પહેલાં વિચારી ગયા તે મુજબ સેવન કરવાના સ્વરૂપની ભક્તિનો અધિકાર સમ્પાદન કરનાર હોવાથી અને સેવામાં પ્રતિબન્ધ કરનારા સર્વ દોષોનું નિવર્તન કરનાર હોવાથી, તેમજ નિજજીવોને પોતાની સેવામાં નિયુક્ત કરવા માટે સેવામાં પ્રતિબન્ધ કરનારા દોષોની નિવૃત્તિ અર્થે સ્વયં શ્રીપ્રભુએ સ્વમુખે આજ્ઞા કરીને પ્રકટ કરેલો આ મંત્ર હોવાથી અહીં ભગવત્ કૃપાપૂર્વક ભક્તિમાર્ગીય જે-જે પણ નિયમો છે તે જ અહીં લાગુ પડી શકે છે. અન્યમાર્ગીય નિયમો આ બાબતમાં લાગુ થઈ શકતા નથી. ઉપરાંત બ્રહ્મસંબન્ધનું જે વેદતુલ્યપણું-સમાનપણું કહેવામાં આવ્યું છે તે મંત્રબલને બતાવવા માટે છે. જેમ વેદ એ ભગવન્મુખથી નિઃશ્વસિત છે તેમ બ્રહ્મસંબન્ધ મંત્ર પણ ભગવન્મુખ નિઃસૃત છે, બન્નેનું ઉદ્‌ગમ સ્થળ એક જ છે અતઃ વેદમંત્રોમાં જે બળ છે તે બળ આ મંત્રમાં પણ છે આ બાબત પ્રતિપાદન કરવા માટે આની વેદતુલ્યતા કહેવામાં આવી છે, પરન્તુ માર્ગભેદ હોવાના કારણે બ્રહ્મસંબન્ધ મંત્રના વિષયમાં ક્યાંય પણ કોઈ પણ પ્રકારે સ્ત્રીશરીર બાધક બની શકતું નથી, જેમ વેદમંત્રના વિષયમાં સ્ત્રીશરીરની બાધકતા છે. જેમ દેહધારણ કરેલા સર્વને માટે પ્રતિદિન સ્નાન-ભોજન વગેરે આવશ્યક છે તેમ દેહ ધારણ કરેલો પણ પોતે એક આત્મા છે તેથી આત્મરૂપે સર્વને માટે પ્રતિદિન ભગવત્સેવા આવશ્યક છે. જેમ વેદમાં **‘स्वाध्यायोऽध्येतव्यः’** એમ સ્વાધ્યાય કરવો વગેરે આવશ્યક પ્રકારે કહેવામાં

આવ્યું છે. તેમ આ માર્ગમાં ભગવત્સેવા એ આવશ્યક અર્થે પ્રતિપાદિત થયેલી છે. તેથી શ્રીવલ્લભાચાર્યચરણ સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થમાં **‘कृष्ण सेवा सदा कार्या’** શબ્દોથી આવશ્યક અર્થે ઉપદેશ કરે છે. અતઃ કૃષ્ણસેવા એ વૈષ્ણવમાત્રને માટે પરમ કર્તવ્યરૂપ છે. શ્રીહરિરાયમહાપ્રભુ સેવાના હેતુને સ્પષ્ટ કરતાં જણાવે છે -

तस्य सेवां प्रकुर्वीत यावज्जीवं स्वधर्मतः ।
न फलार्थं न भोगार्थं न प्रतिष्ठाप्रसिद्धये ॥

અર્થાત્ - તે પ્રભુ શ્રીકૃષ્ણની સેવા ફલ મેળવવા, ભોગ મેળવવા, પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ મેળવવા નહીં કરવી, પણ પોતાના સ્વધર્મપણાએ જીવનભર સેવા કરવી. **‘स्वधर्मतः’** એટલે કે આત્મધર્મ થકી, અથવા પરમધર્મ થકી પ્રભુની સેવા કરવી. ભગવત્સેવા એ પ્રત્યેક દેહ ધારણ કરેલાને માટે પરમ ધર્મરૂપ છે. સેવાની આ પરમધર્મરૂપતા એ બ્રાહ્મણથી લઈને શૂદ્ર પર્યન્ત સ્ત્રી-પુરુષ સર્વને માટે સમાન છે કારણ કે બધા જીવો ભગવાનના અંશ હોવાથી દરેકમાં સેવકપણું સમાન જ છે. ધર્મશાસ્ત્રોમાં ધર્મ કરવા માટે જે કર્મોનો નિર્દેશ છે તે દેહની પ્રધાનતાને વિચારીને કરાયેલો છે પરન્તુ આત્મપણાએ ભક્તિ કિં વા સેવા જ પરમ ધર્મ છે. તેથી જ સર્વધર્મના ઉપદેશ કરનારા એવા ભગવાને ધર્મશાસ્ત્રની રીતિથી દેહની પ્રધાનતાના વિચારે ગોપીઓને કહ્યું કે - **‘दुःशीलो दुर्भगो वृद्धो जडो रोग्यधनोऽपि वा, पतिस्त्रीभिर्नहन्तव्यो लोकेप्सुभिर–पातकी’** અર્થાત્ - પાતક રહિત એવો પતિ ભલે દુષ્ટશીલનો હોય, દુર્ભગ હોય, વૃદ્ધ-જડ-રોગી યા નિર્ધન હોય સ્ત્રીઓએ તેનો ત્યાગ નહીં કરવો જોઈએ, તેમજ **‘अस्वर्ग्यमयशस्यं च फल्गु कृच्छ्रं भयावहम्, जुगुप्सितं च सर्वत्र ह्यौपपत्यं कुलस्त्रियः’** અર્થાત્ - પતિ સિવાયના બીજા પુરુષમાં પતિનો ભાવ રાખવો-વિચારવો એ કુળવાળી સ્ત્રીઓને માટે સ્વર્ગસુખનો નાશ કરનાર, યશનો નાશ કરનાર, ક્ષુદ્ર, કષ્ટ આપનાર અને ભય પ્રાપ્ત કરાવનાર છે તેમજ લોક-વેદ સર્વત્ર આ નિન્દિત કર્મ માનેલું છે. આવા ધર્મશાસ્ત્રની રીતિથી કહેવાયેલા પ્રભુનાં વાક્યોનો ભક્તિમાર્ગીય રીતે પ્રત્યુત્તર આપતાં ગોપિકાઓ કહે છે -

‘यत्पत्यपत्यसुहृदामनुवृत्तिरङ्ग
स्त्रीणां स्वधर्म इति धर्मविदा त्वयोक्तम्,
अस्त्वेवमेतदुपदेशपदे त्वयीशे
प्रेष्ठो भवांस्तनुभृतां किल बन्धुरात्मा’

અર્થાત્ - પોતાના પતિ, પુત્ર, સુહૃદજનોની અનુવૃત્તિ કરવી એ સ્ત્રીઓનો ધર્મ છે એમ ધર્મના વિદ્વાન તરીકે તમે જણાવ્યું, તે તમે જણાવ્યું તેમ જ સર્વના ઈશ એવા તમારામાં થાઓ, કારણ કે જે પણ દેહ ધારણ કરેલા છે તેમના બધાના જ તમે પ્રેષ્ઠ, બન્ધુ અને આત્મા છો. ભગવાન પ્રત્યેક દેહ ધારણ કરનારના જીવમાત્રના પ્રેષ્ઠ અથવા સ્વામી છે અને જીવમાત્ર એ પ્રભુના સેવક હોવાના કારણે ભગવત્સેવા એ જ એનો પ્રથમ અને પરમ ધર્મ છે. તેથી જ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના ચરિત્રમાં પક્ષીઓ વગેરેને પણ શરણમાં લેવાના પ્રસંગો જોવા મળે છે. તેથી જ રસખાન વગેરે વર્ણેતર લોકોને પણ ભક્તિમાર્ગીય રીતે ભગવત્સેવામાં યોજવામાં આવ્યા છે.

આ પ્રકારે શ્રીવલ્લભાચાર્યચરણ દ્વારા ઉપદિષ્ટ પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસમ્બન્ધના દાન દ્વારા સ્ત્રીઓને પણ ભગવત્સેવા કરવાનો આદેશ આપવામાં આવ્યો છે તે સર્વ પ્રકારે સમુચિત જ છે.

પ્રશ્ન– ૬ પતિ–પત્ની બન્ને એક ગુરુથી જ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા ગ્રહણ કરી શકે ?

બ્રહ્મવૈવર્ત પુરાણના બ્રહ્મખંડીય દશમ અધ્યાયમાં **‘अन्नदाता भयत्राता पत्नीतातस्तथैव च, विद्यादाता जन्मदाता पञ्चैते पितरो नृणाम्’** અર્થાત્ - **૧ અન્નદાતા**-એટલે જ્યાંથી-જેનાથી પોતાની આજીવિકા

ચાલતી હોય તે, **૨ ભયત્રાતા** - ભયનો નાશ કરનાર એટલે કે રાજા વગેરે, **૩- પત્ની તાતઃ** - એટલે પોતાની પત્નીનો પિતા-સસરો, **૪- વિદ્યાદાતા** - એટલે ભણાવનાર અથવા મંત્રની દીક્ષા આપનાર તથા **૫- જન્મદાતા** - એટલે જન્મ આપનારા માતા-પિતા, આ પ્રકારે મનુષ્યના પાંચ પ્રકારે માતા-પિતા માનવામાં આવેલા છે. આ પૈકી મંત્રદીક્ષા આપનારનો પણ પિતરમાં સમાવેશ કરવામાં આવેલો છે તેથી જો પતિ-પત્ની એક ગુરુથી દીક્ષા ગ્રહણ કરે તો શાસ્ત્રવચનના આધારે બન્ને વચ્ચે ભાઈ-બહેનનો સમ્બન્ધ પ્રાપ્ત થાય છે અને આવા પ્રકારની સ્થિતિ વ્યવહારમાં આપત્તિરૂપ હોવાથી આ બાબતમાં આનું નિરાકરણ શું તે વિચારવું જરૂરી છે.

શાસ્ત્રમાં જ્યાં આ પાંચ પ્રકારના પિતૃઓ જણાવ્યા છે ત્યાં જન્મદાતા માતા-પિતાને છોડીને બાકીના બધામાં જ -ચારે માં માતા-પિતા જેવા પૂજ્યભાવ માત્રથી પિતૃ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જો એમ અહીં માનવામાં આવે તો જે દોષની સંભાવના વિદ્યાદાતા શબ્દથી વિચારવામાં આવે છે તે દોષ બાકીના ત્રણેમાં પણ પ્રાપ્ત થશે. અને તેમાં પત્નીનો પિતા-શ્વશુરને પણ પિતા માનતાં વિવાહ કરવા માત્રથી જ ભાઈ-બહેન બની જવાશે. અતઃ અહીં પિતૃ શબ્દનો પ્રયોગ માત્ર આદરભાવ પ્રયુક્ત જ છે, એનાથી વ્યવહારમાં બાધા ઉત્પન્ન નથી થતી.

આ ઉપરાન્ત ધર્મશાસ્ત્રોમાં સર્વ પ્રકારના દોષોની નિવૃત્તિને માટે પ્રાયશ્ચિત્તોનું વિધાન થયેલું છે ત્યાં આ કલ્પિત દોષનું પ્રાયશ્ચિત્ત ક્યાંય પણ વિધાન થયેલું નથી, પ્રત્યુત પતિ-પત્ની દ્વારા એક જ ગુરુથી દીક્ષા ગ્રહણ કરવાના અથવા મંત્રગ્રહણ કરવાના ઉલ્લેખો ઈતિહાસ-પુરાણ વગેરેમાં તથા અન્ય શાસ્ત્રોમાં જુદા જુદા પ્રસંગો દ્વારા બતાવવામાં આવ્યા છે. વસિષ્ઠ મહર્ષિ દ્વારા પણ ગન્ધર્વ અને માલતી બન્નેને શિક્ષા-દીક્ષા આપવાનું ઉદાહરણ મળે છે.

અહીં એક પ્રશ્ન બની શકે છે કે જો એક ગુરુથી દીક્ષા લેવા છતાં ભાઈ-બહેનનો સંબન્ધ પ્રાપ્ત થતો નથી, તો પછી પુરાણોમાં શુક્રાચાર્યની પુત્રી દેવયાની અને કચના પ્રસંગમાં દેવયાની દ્વારા મૂકાયેલ વિવાહનો પ્રસ્તાવ કચ દ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો તેમાં પણ ભાઈ-બહેનનો સમ્બન્ધ જણાવીને અસ્વીકાર કરેલો છે ? આના ઉત્તરમાં એટલું કહેવાનું કે ત્યાં કચનો શુક્રાચાર્યના ઉદર સાથે સમ્બન્ધ પ્રાપ્ત થયો હતો તેથી ભાઈ-બહેનનો સમ્બન્ધ સહોદર હોવાથી કહેલો છે, તેથી આ પ્રસંગ અહીં ગુરુથી માત્ર મંત્રદીક્ષા ગ્રહણ કરવાની બાબતમાં પ્રમાણના રૂપમાં બાધક બનાવી શકાય તેમ નથી.

આ પ્રમાણે સર્વ પ્રમાણો, પ્રસંગોને વિચારતાં એક ગુરુથી પતિ-પત્ની બન્ને મંત્રગ્રહણ અથવા દીક્ષાગ્રહણ કરે તેમાં શાસ્ત્રની દૃષ્ટિએ તથા સ્વમાર્ગની દૃષ્ટિએ કોઈ પણ પ્રકારે બાધ પ્રાપ્ત થતો નથી એમ નિર્વિવાદ સિદ્ધ છે.

* * *